# રંગીલા રાજકોટના સુપ્રસિધ્ધ મેઘધનુષી ‘‘રસરંગ લોકમેળા-૨૦૨૩’’નો શુભારંભ કરાવતાં પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરા





## "લોકમેળા થકી ’વિવિધતામાં એકતા’ની આપણી પંચરંગી ભારતીય સંસ્કૃતિ મેળાઓએ જાળવી રાખી છે'' : પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરા

રાજકોટ તા.૬

રંગીલા રાજકોટની આગવી ઓળખ એટલે જન્માષ્ટમીએ પ્રતિવર્ષ રેષકોર્ષ મેદાનમાં યોજાતો લોકમેળો. હૈયે હૈયુ દળાય તેટલો દસ લાખથી પણ વધુ માનવ મહેરામણ આ મેળામાં ઉમટી પડે છે. આખુ વર્ષ જન્માષ્ટમીએ સૌરાષ્ટ્રભરના લાખો લોકો લોકમેળાની રાહ જોતા હોય છે. જિલ્લા વહીવટી તંત્ર (લોકમેળા સમિતિ) દ્વારા તા. ૫ થી ૯ સપ્ટેમ્બર સુધી યોજાનાર આ રાજકોટના સુપ્રસિધ્ધ ‘‘રસરંગ લોકમેળા-૨૦૨૩’’નું ઉદઘાટન પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ પાણી પૂરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની વિશેષ ઉપસ્થિતિમાં કર્યુંહતું.

પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરાએ આ તકે કહયુ હતું કે, સૌરાષ્ટ્રમાં યોજાતા લોકમેળા એ આપણી સંસ્કૃતિ છે. વિવિધતામાં એકતાની આપણી પંચરંગી સંસ્કૃતિ મેળાઓએ જાળવી રાખી છે. રાજકોટનો આ મેળો જગ મશહુર છે. જેને માણવા અનેક લોકો આવે છે. દર વર્ષે દસેક લાખ લોકો આ મેળામાં મહાલે છે.

જીલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાતા આ લોકમેળાની આવક જિલ્લાના વિકાસકામો માટે થાય છે. આ મેળામાં ઉંચા ઉંચા ફજર, ફાળકા સહિતની રંગબેરંગી રાઇડસમાં બેસવાની સૌરાષ્ટ્રવાસીઓ મોજ માણશે, આથી ફજર ફાળકાના કારીગરોને રોજગારી પ્રાપ્ત થશે

આ તકે પાણી પૂરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ કહ્યુ હતું કે, "લોકમેળાના કારણે સમાજમાં એકતા, ભાઈચારો, બંધુતા, સમાનતામાં વધારો થાય છે. આપણી સંસ્કૃતિની ઓળખ સમા આ રાજકોટના રંગીલા મેળાની લાખો લોકો આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. ૧૯૮૧થી યોજાતા આ મેળાના સુંદર આયોજન માટે વહીવટી તંત્રને અભિનંદન પાઠવુંછું. આ લોકમેળો સૌરાષ્ટ્રની ભાતીગળ ઓળખ બની ગયો છે. પોતાનું દુઃખ, થાક ભૂલી લોકો આનંદ માણે છે." કલેકટરે લોકમેળા અમલીકરણ સમિતિ વતી પ્રવાસન મંત્રીને રૂ. ૩૫ લાખનો ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં આપ્યો હતો. મહેમાનોનું શાબ્દિક સ્વાગત કલેક્ટર પ્રભવ જોશીએ કર્યુ હતું. પ્રાસંગિક પ્રવચન મેયર ડો.પ્રદીપ ડવે કર્યું હતું. આ મેળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો લોકનૃત્યો અને લોકગીતો રજૂ કરાયા હતા. લોકનૃત્યોમાં પ્રાચીન ગુજરાતના ગરબા, અઠીંગો, હુડોરાસ, સીદી ધમાલ, તલવાર રાસ, મણિયારો રાસ, ઢાલ છત્રી નૃત્યો લોકગીતો સાથે કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

આ લોકમેળામાં જિલ્લા પંચાયતના પ્રમુખભુપતભાઈ બોદર, ડે.મેયરકંચનબેન સિધ્ધપુરા, રેન્જ આઈ. અશોક યાદવ, પ્રાદેશિક નગરપાલિકા કમિશનર ધીમંતકુમાર વ્યાસ, પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જિલ્લા વિકાસ અધિકારીદેવ ચૌધરી, ગ્રામ્ય પોલીસ અધિક્ષકજયપાલસિંહ રાઠોડ, આર.એમ.સી. કમિશનર આનંદ પટેલ, નિવાસી અધિક કલેકટરએસ.જે.ખાચર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકઆર.એસ.ઠુમ્મર, ડેપ્યુટી કલેકટર બી.એ.અસારી, વિવેક ટાંક, સંદીપ વર્મા અને કે.જી. ચૌધરી, જિલ્લા યુવા વિકાસઅધિકારી હિતેશદિહોરા, જિલ્લા પુરવઠા અધિકારી અવનીબેન હરણ, નાયબ મ્યુનસિપલ કમિશ્નર બ્રિજેશ કાલરીયા, નાયબ વન સંરક્ષક ડો.તુષાર પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. કૈલા, મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઅવનીબેન દવે, પૂર્વ ધારાસભ્યબાવનજીભાઈ મેતલિયા, ગોવિંદભાઈ પટેલ તથા લાખાભાઈ સાગઠીયા, તથા વિશાળ સંખ્યામાં રાજકોટની ઉત્સવ પ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી. પ્રાંત અધિકારી કે.જી.ચૌધરીએ આભાર વિધિ વ્યક્ત કરી હતી.

# પેટીએમે જુલાઈ-ઓગષ્ટમાં ૮૭ લાખ ડિવાઈસ અને ૩ લાખ કરોડની GMV હાંસલ કરીને નવા સિમાચિહ્નો પાર કર્યા

### ઓગષ્ટ ૨૦૨૩માં પૂરા થતા બે માસના ગાળામાં રૂા.૧૦,૭૧૦ કરોડના ધિરાણનું વિતરણ કરીને લોન ડિસ્ટ્રીબ્યુશન બિઝનેસે નવી સિધ્ધિ હાંસલ કરી

(રાજેશ મહેતા દ્વારા)

અમદાવાદ તા.૬

ભારતની અગ્રણી પેમેન્ટસ અને ફાયનાન્સિયલ સર્વિસીસ કંપની તથા મોબાઈલ અને ક્યુઆર કોડમાં પાયોનિયર ગણાતી પેટીએમે ઓગષ્ટ ૨૦૨૩માં પૂરા થતા બે માસની ઉજળી કામગીરી અંગે જાહેરાત કરી છે. કંપનીએ ૮૭ લાખ ડિવાઈસ ડિપ્લોય કરીને નવી સિધ્ધિ હાંસલ કરી છે. કંપનીએ છેલ્લા એક માસમાં તેની ડિવાઈસમાં ૪.૯ લાખનો વધારો કર્યો છે. કંપનીએ તેના મર્ચન્ટ પેમેન્ટ વોલ્યુમમાં વધારો કરીને સતત વૃધ્ધિ જાળવી રાખી છે. ટોટલ ગ્રોસ મર્ચન્ટ વેલ્યુ (GMV) જુલાઈ અને ઓગષ્ટમાં રૂ.૩ લાખ કરોડ (૩૬.૩ અબજ ડોલર) દર્શાવીને ૪૩ ટકાની YOY વૃધ્ધિ દર્શાવી છે. ઓગષ્ટ ૨૦૨૩માં પૂરા થતા બે માસ દરમ્યાન ૯.૪ કરોડની એવરેજ મંથલી ટ્રાન્ઝેકટીંગ યુઝર્સ (એમટીયુ) દર્શાવીને કંપનીએ YOY ૨૦ ટકા વૃધ્ધિ નોંધાવી છે. ટોચની ધિરાણ આપનાર સંસ્થાઓ સાથે મળીને આ ફીનટેક જાયન્ટે ધિરાણ અને વિતરણમાં વૃધ્ધિ મારફતે YOY ૧૩૭ ટકાનો વધારો દર્શાવી YOY ૧૦,૭૧૦ કરોડ (૧.૩ અબજ ડોલર) થઈ ગયું છે. ત્રિમાસિક ગાળા માટે પેટીએમ પ્લેટફોર્મ દ્વારા વિતરિત કરાયેલી લોનની સંખ્યા ૪૭% રૂરૂ વધીને ૮૮ લાખ થઈ છે. આ ટેક ઈનોવેટરે તાજેતરમાં પેટીએમ કાર્ડ સાઉન્ડબોકસ, પેટીએમ પોકેટ સાઉન્ડ બોકસ અને પેટીએમ મ્યુઝિક સાઉન્ડબોક્સની રજૂઆત કરીને ઈનસ્ટોર પેમેન્ટમાં પોતાની આગેવાની જાળવી રાખી છે. કંપનીએ તાજેતરમાં નાણાંકિય વર્ષ ૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ તેના સંચાલન હેઠળની આવકમાં ૩૯ ટકા વૃધ્ધિ હાંસલ કરીને રૂ.૨,૩૪૨ કરોડની આવક દર્શાવી છે. કંપનીએ મર્ચન્ટ સબસ્ક્રીપ્શન તેમજ GMVની આવકમાં વધારો દર્શાવવાની સાથે સાથે ધિરાણના વિતરણમાં વધારો કર્યો છે.

# સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ ભાગવત કથાકાર શ્રી યજ્ઞેશદાદાની સુરતમાં પધરામણી : ઠેર ઠેર સામૈયા સાથે વાજતે ગાજતે સ્વાગત

### કથાકારે ૫.૫૦ કરોડના ડીટેકશન કેસમાં સરથાણા પોલીસની મુલાકાત લઈ પોલીસની પીઠ થાબડી હતી

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૬

સૌરાષ્ટ્રના કાશ્મીર મહુવાના જાણીતા શ્રીમદ્ ભાગવત કથાકાર પૂ.શ્રી. યજ્ઞેશદાદા હાલ ઓઝા ડાયમંડ નગરી સુરતમાં છે. તેમના આગમન પ્રસંગે ઠેર ઠેર સામૈયા સાથે વાજતે ગાજતે એમનું સ્વાગત કરવામાં આવ્યુ હતું. ભાગવત કથાકારની સુરતના ઘણા ભક્તોના ઘરમાં પધરામણી થઈ હતી. એમણે સુરતમાં સરથાણા પોલીસ સ્ટેશનમાં પણ પધરામણી કરી હતી. પોલીસની કામગીરીને ક્યારેક શાબાશી તો ક્યારેક અપશબ્દો પણ મળે છે. પણ જ્યારે સારી કામગીરી થાય ત્યારે પોલીસને દિલ થી બિરદાવી જોઈએ. અને આ વાત એક ભાગવત કથાકાર સારી રીતે જાણતા હોય છે. તેથી જ સુરતમાં પધરામણી દરમિયાન સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ શ્રીમદ્ ભાગવત કથાકાર પૂ.શ્રી. યજ્ઞેશદાદા ઓઝાએ રૂબરૂ સરથાણા પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ ૫.૫૦ કરોડ લૂંટ કેસમાં સફળતા મેળવવા બદલ ACP વીઆર પટેલ, PI વિરલ પટેલ સહિત પોલીસ કર્મચારીઓને અભિનંદન પાઠવી આશીર્વચન અને આશીર્વાદ આપ્યા હતા. શ્રી યજ્ઞેશદાદાએ જણાવ્યું હતું કે પોલીસ પર અવાર નવાર કામગીરી અંગે આંગળી ચિંધાતી હોય છે તેમછતાં પોલીસ એની પરવા કર્યા પોતાના કામને નિષ્ઠાથી નિભાવે છે. જીવને જોખમમાં મૂકીને પણ તે લોકોની અને લોકોના જાનમાલની રક્ષા કરે છે. હું એક કથાકાર તરીકે સમાજને વિનતી કરૂ છું કે એકલ દોકલ ઘટનાઓને કારણે સમગ્ર પોલીસને બદનામ ન કરવી જોઈએ. આપણે પોલીસનું સન્માન કરીએ કારણ કે એ પરિવારને સમય નથી આપી શકતા પણ પ્રજાને જ પરિવાર માનીને સેવામાં તત્પર રહે છે. છેલ્લા ત્રણ દિવસથી શ્રીમદ્ ભાગવત કથાકાર પૂ.શ્રી. યજ્ઞેશદાદા ઓઝા સુરતમાં છે. સુરતમાં ઠેર ઠેર ઢોલ નગારા સાથે વાજતે વાજતે એમની પધરામણીના સામૈયા કરવામાં આવ્યા હતા. વધુમાં પ્રવીણ ભાલાળાએ જણાવ્યું હતું કે એક વાર શ્રીમદ ભાગવત જે માણસ સાંભળે તો મૃત્યુ બાદ સીધો મોક્ષને પ્રાપ્તી થાય અને શ્રીમદ ભાગવત નો કોઈ મનોરથી બને એટલે કે આયોજન કરે ત્યારે તેની સાત પેઢીને મોક્ષની પ્રાપ્તિ થતી હોય છે. શ્રીમદ ભાગવત નો વિચાર પણ માણસને શાંત કરતો હોય છે અને શ્રીમદ ભાગવતની તાકાત એ છે કે વ્યક્તિને આધ્યાત્મિક બનાવી દેય છે. ગંગા કિનારે હરિદ્વાર ખાતે તારીખ.૧.૫.૨૦૨૪ ના રોજ શ્રીમદ ભાગવતનો આરંભ થશે તે ભાગવતમાં કોઈ જોડાવા માંગતા હોય તો અમારી ઓફિસનો સંપર્ક કરે અથવા તો ૯૨૮૯૨૯૧૮૯૧ પર સંપર્ક કરે. નજીકના ભવિષ્યમાં દાદાની પ્રથમ કથા સુરતમાં થવાનુ આયોજન થઈ ગયુ છે. જેમાં યજમાન તરીકે પ્રવીણ ભાલાળા, નિલેશ કુંભાણી, વિલાસબેન સખીયા, વલ્લભભાઈ ચોથાણી, મહેશ કથીરીયા, ઘનશ્યામ લાખાણી, ડૉ. નિધિ છોટાળા, વિક્રમ પટોડિયા, કેતન સાવલિયા અને સંજય કોઠીયાએ કથાના સંકલ્પ લીધા છે.

# બાંટવા : મધ્યપ્રદેશમાં એમબીબીએસમાં એડમીશન અપાવવાના બહાને ૧૮ લાખની છેતરપીંડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

મધ્યપ્રદેશમાં એમબીબીએસમાં એડમીશન અપાવવાની લાલચ આપી અને રૂા.૧૮ લાખની વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરિયાદ બાંટવા પોલીસ મથકે નોંધાઈ છે. જુન માસ ૨૦૧૯થી જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન બનેલા આ બનાવમાં ગઈકાલે બાંટવા પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, બાંટવા તળાવ રોડ ઉપર રહેતા કમલેશભાઈ ચંદુલાલ આહુજા(ઉ.વ.૪૭)એ કેતનભાઈ કિરીટભાઈ ગોવિંદીયા રહે.ઉદયપુર, રાજસ્થાન વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરીયાદીને આ કામના આરોપીએ ફરીયાદીના દિકરાનું ઈન્દોર મધ્યપ્રદેશમાં એમ.બી.બી.એસ.માં એડમીશન કરાવવાનો તથા એડમીશન ન થયે રૂપીયા પરત આપવાનો વિશ્વાશ અને ભરોશો આપી ફરી.પાસેથી રૂા.૧૮,૦૦,૦૦૦/- લઈ બાદમા એડમીશન નહી કરાવી વિશ્વાસઘાત કરી ફરીયાદી રૂપીયા પરત માંગતા ફરીયાદીને રૂપીયા છ - છ લાખના ખોટી સહીઓ વાળા ત્રણ ચેક આપી ફરીયાદી સાથે ઠગાઈ કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા બાંટવા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માંગરોળ તાલુકાના લોએજ નજીક મોટરસાઈકલને અકસ્માત : એકનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

પોરબંદર જીલ્લાના કડછ ગામે રહેતા વિજયભાઈ હિરાભાઈ મારૂ (ઉ.વ.૨૮)એ મોટરસાઈકલ નંબર જીજે-૧૧-એએમ-૮૪૩૪ના ચલાક કિસનભાઈ સોંદરવા રહે.બગસારા ઘેડવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરીયાદીના પિતા હીરાભાઇ તથા મોટરસાઈકલ ચાલક કિશનભાઈ સોંદરવા પોતાની હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ રજી.નં. જીજે-૧૧-એએમ-૮૪૩૪ વાળી લઈ બગસરા ઘેડથી માંગરોળ જતાં હતા તે દરમ્યાન લોએજ ગામ પાસે મોટરસાઈકલ ચાલકે પોતાના હવાલાની મોટરસાઈકલ પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી મોટરસાઈકલને રોડ ઉપર રહેલ ખુંટીયા સાથે અથડાવી એક્સીડન્ટ કરી પાછળ બેસેલ હીરાભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી તેમજ શરીરે નાની મોટી ઈજા કરી મોત નિપજાવી તેમજ પોતાને શરીરે નાની મોટી ઈજાઓ કરી ગુન્હો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવતા માંગરોળ મરીન પોલીસ દ્વારા આ અકસ્માતના બનાવની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જગત મંદિર વિસ્તારમાં ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધનો ભંગ કરતા સુરતના ફોટોગ્રાફર સામે ગુનો દાખલ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ જન્માષ્ટમી પર્વ નિમિત્તે દ્વારકાધીશ મંદિર તથા આસપાસના વિસ્તારોમાં ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું જિલ્લાના સક્ષમ અધિકારી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ અંગેની અમલવારી માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી વોચ અંગેની કાર્યવાહી દરમિયાન ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સીંગરખીયાના માર્ગદર્શન હેઠળ ટ્રેનની પોલીસ કર્મચારીઓના રાઉન્ડ ધ ક્લોક "પોલીસ ડ્રોન" મારફતે ચેકિંગ કાર્યવાહી દરમિયાન દ્વારકામાં ગોમતીઘાટ વિસ્તારમાં એક ડ્રોન ઉડતું જોવા મળ્યું હતું. આ અંગે પોલીસ સ્ટાફ દ્વારા તાકીદની કાર્યવાહી કરી, આ ડ્રોન ઉડાવતા સુરતના મોટા વરાછા વિસ્તારમાં રહેતા અને ફોટોગ્રાફીનો વ્યવસાય કરતા શરદ મગનભાઈ નસીત નામના ૨૮ વર્ષના પટેલ યુવાનની અટકાયત કરી, આ શખ્સ સામે દ્વારકા પોલીસ મથકમાં જાહેરનામા ભંગની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ આ અંગેની કાર્યવાહી એસ.ઓ.જી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. સિંગરખીયા, રાજેન્દ્રસિંહ જાડેજા, જીવાભાઈ ગોજીયા, જગદીશભાઈ કરમુર તથા કિશોરસિંહ જાડેજા, પ્રદીપસિંહ જાડેજા વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટનાં રસરંગ લોકમેળામાં માહિતી વિભાગના સ્ટોલનો શુભારંભ કરાવતાં મંત્રી મૂળુભાઈ બેરા




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૬

ગુજરાત સરકારના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ તથા આબોહવા પરિવર્તન વિભાગના મંત્રી મૂળુભાઈ બેરાના વરદ હસ્તે રાજકોટનાં "રસરંગ લોકમેળા"માં આવેલા માહિતી વિભાગના સ્ટોલનો રીબીન કાપીને શુભારંભ કરાયો હતો. આ તકે મંત્રી મૂળુભાઈ બેરા તથા જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા સહિત મહાનુભાવોએ સ્ટોલની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યુંહતું.

મંત્રીઓ તથા મહાનુભાવોને સંયુકત માહિતી નિયામક મિતેશભાઈ મોડાસીયા, નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદી, સહાયક માહિતી નિયામક સોનલબેન જોષીપુરા તથા પ્રિયંકાબેન પરમાર અને પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના કર્મચારીઓએ પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. સંયુકત માહિતી નિયામક મિતેશભાઈ મોડાસિયાએ મંત્રીને માહિતી ખાતાના સ્ટોલમાં આવરી લેવાયેલી રાજય સરકારની તમામ યોજનાલક્ષી વિગતોથી વાકેફ કર્યા હતા.

ગુજરાત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની લોકોને માહિતી મળી રહે અને લોકો તેનો લાભ કયા પ્રકારે લઈ શકે, તે વિષે જાગૃત કરવા રાજય સરકારના માહિતી વિભાગ દ્વારા લોકમેળામાં માહિતીસભર સ્ટોલ ઉભો કરવામાં આવ્યો છે. જેમાં ખાસ ટુરીઝમ ટનલ દ્વારા રાજ્યના વિવિધ ફરવાલાયક સ્થળો જોઈ શકશે, સાથે જ શિક્ષણ, આરોગ્ય, પોષણ સહિત વિવિધ યોજનાઓ લગત માહિતી તેમને એક જ સ્થળ પરથી મળી રહેશે. માહિતી ખાતાના સ્ટોલ પર ભારતની વૈશ્વિક સિદ્ધિ એવી ચંદ્રયાન-ત્રણનું ચંદ્રના સાઉથ પોલ પર ઉતરણ કરતી પ્રતિકૃતિ કે જેમાં લેન્ડર વિક્રમનું મોડેલ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આકૃતિ રાખવામાં આવી છે, તેને તાદ્રશ્ય કરતો ખાસ સેલ્ફી પોઈન્ટ બનાવાયો છે જે નાગરિકોમાં ખૂબ લોકપ્રિય બની રહ્યો છે. મંત્રી મુળૂભાઈ બેરા તથા કુંવરજીભાઈ બાવળીયા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ આ સેલ્ફી પોઈન્ટ પર સેલ્ફી પડાવી હતી. મંત્રીનું ઢોલ-નગારાના નાદ સાથે પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું.

આ તકે મેયર ડો. પ્રદીપભાઈ ડવ, જિલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદર, જિલ્લા કલેક્ટર પ્રભવ જોષી, શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અગ્રણી રાજુ ભાર્ગવ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ખંભાળિયાના શિરેશ્વર લોકમેળા માટે પ્લોટની શુક્રવારે જાહેર હરાજી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

મીની તરણેતરની ઉપમા પામેલા ખંભાળિયા શહેર નજીક શક્તિનગર વિસ્તારમાં યોજાતા શિરેશ્વર મહાદેવ મંદિરના લોકમેળાનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તારીખ ૧૮ થી ૨૧ સપ્ટેમ્બર સુધી કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખ છે કે શક્તિનગર ગ્રામ પંચાયત વિસ્તાર આયોજિત શિરેશ્વર લોકમેળા "રખ પાંચમ"ના મેળા તરીકે પણ ઓળખાય છે. ત્યારે આ લોકમેળામાં આ દિવસો દરમ્યાન લાખોની સંખ્યામાં જનમેદની અનેરી મોજ માણે છે. આ લોકમેળામાં ફક્ત ખંભાળિયા શહેર કે તાલુકાના જ નહીં, પરંતુ અન્ય જિલ્લાઓમાંથી પણ લોકો અહીં મેળાની મોજ માણવા ઉપરાંત વિવિધ ધંધાર્થીઓ અહીં અર્થ ઉપાર્જન માટે આવે છે. આ લોકમેળામાં વિવિધ પ્રકારના રાઈડ્સ, સ્ટોલ, ખાણી પીણી, તેમજ રમતગમતના સાધનો માટેના પ્લોટનો સુવ્યવસ્થિત આયોજન સાથેનો નકશો ગ્રામ પંચાયત દ્વારા તૈયાર કરી અને જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજૂ કરી, પરવાનગી મેળવ્યા બાદ આ પ્લોટ્સની જાહેર હરાજી શુક્રવાર તારીખ ૮ મી ના રોજ સવારે ૮:૩૦ વાગ્યાથી શિરેશ્વર મહાદેવ મંદિર પટાંગણ (શક્તિનગર) ખાતે યોજવામાં આવી છે. આ લોકમેળામાં પ્લોટ્સ રાખવા ઈચ્છતા ધંધાર્થીઓએ ઉપરોક્ત સમય તથા સ્થળે ઉપસ્થિત રહેવા ગ્રામ પંચાયતના સરપંચ પૂનમબેન મયુરભાઈ નકુમ, ઉપસરપંચ હેતલબા ચંદ્રસિંહ જાડેજા તથા તલાટી કમ મંત્રી પી.ડી. વિંઝુડા ઉપરાંત ગ્રામ પંચાયતના સદસ્યો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ખંભાળિયામાં રવિવારે નેત્ર નિદાન સારવાર કેમ્પ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયાની સેવા સંસ્થા માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદિયાણી હોસ્પિટલ (જામનગર હાઈવે) ખાતે આગામી રવિવાર તારીખ ૧૦ મીના રોજ વિનામૂલ્યે નેત્ર નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત રવિવારે સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી આંખોની વિનામૂલ્યે તપાસ, સારવાર તેમજ દવા વિતરણ કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# રાજકારણમાં યુવાનોની ભાગીદારી એક માત્ર મોટો પડકાર

સંસદીય ચૂંટણીમાં ઉતરવાની વયમર્યાદા ઘટાડવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં ઘણા સમયથી ચાલી રહી છે. આ મુદ્દો બહુ જોરશોરથી તો નહીં, પરંતુ ક્યારેક સપાટી પર આવી જાય છે. આગામી સામાન્ય ચૂંટણી પહેલાં આ મુદ્દો ફરી ચર્ચામાં છે. સંસદની કાર્મિક, લોક ફરિયાદ, કાયદા અને ન્યાય બાબતોની સમિતિના સૂચનથી આ ચર્ચાએ ફરી જોર પકડ્યું છે. સુશીલકુમાર મોદીના નેતૃત્વવાળી આ સમિતિએ ચૂંટણી લડવા માટે ન્યૂનતમ વયમર્યાદા ૨૫ વર્ષ ઘટાડીને ૧૮ વર્ષ કરવાની વાત કહી છે. આના પહેલાં ડિસેમ્બર, ૨૦૨૨માં જયંત ચૌધરીએ સંસદમાં આ વિષય પર ખાનગી સદસ્ય વિધેયક રજૂ કર્યું હતું. જોકે, ચૂંટણી પંચે વયમર્યાદા ઘટાડવાના આ પ્રસ્તાવ પર સહમતિ નથી વ્યક્ત કરી. ચૂંટણી લડવા માટે વયમર્યાદા ઘટાડવાની વકીલાત કરનારાઓનો તર્ક છે કે તેનાથી રાજકારણમાં યુવાઓની ભાગીદારી વધશે અને ભારત યુવા આબાદીવાળો દેશ છે તો યુવાઓનું પ્રતિનિધિત્વ વધારવું જરૂરી છે.

દુનિયાના કેટલાય લોકતાંત્રિક દેશ એવા છે જ્યાં ૧૮ વર્ષની ઉંમરે ચૂંટણીમાં ઉતરી શકાય છે. કેનેડા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, સ્વિટ્ઝરલેન્ડ અને ઓસ્ટ્રેલિયા એવા કેટલાક મુખ્ય દેશો છે જ્યાં ૧૮ વર્ષનો પડાવ પાર કરતાં જ ચૂંટણી લડવાની યોગ્યતા પ્રાપ્ત થઈ જાય છે. ત્યાં જ અમેરિકાના કેટલાક રાજ્યો, બ્રાઝિલ અને ઈન્ડોનેશિયામાં ૨૧ વર્ષની ઉંમરે ચૂંટણી લડવા માટે ન્યૂનતમ ઉંમર વર્ગ રૂપે સ્વીકાર્ય છે. તેથી વિપરીત ભારતમાં તે ૨૫ વર્ષ છે. જ્યારે ભારત એ દેશોમાં ગણાય છે જ્યાં સ્ત્રી અને પુરુષોમાં કોઈ ભેદભાવ કર્યા વિના શરૂઆતથી જ સાર્વભૌમિક વયસ્ક મતાધિકારની પરંપરા અપનાવવામાં આવી. પછી મતાધિકાર માટે ન્યૂનતમ વયમર્યાદાને ૧૯૮૯માં ૨૧થી ઘટાડીને ૧૮ વર્ષ કરવામાં આવી. સાથે જ ડ્રાઈવિંગ જેવા અન્ય કાર્યો માટે ૧૮ વર્ષની ઉંમરને માપદંડ માનવામાં આવ્યો. તેથી ચૂંટણીમાં ઉતરવા માટે વયમર્યાદા ઘટાડવા માટે અવાજ ઉઠાવવામાં આવે છે. એવામાં એ તપાસ જરૂરી છે કે શું એનાથી ખરેખર કોઈ ફાયદો થશે કે પછી હાલની વ્યવસ્થા જ સારી છે?

તેમાં કોઈ શંકા નહીં કે યુવાઓને રાજકારણમાં જોડવા કોઈપણ દૃષ્ટિએ ફાયદાકારક રહેશે. તેનાથી નીતિ નિર્માણમાં તેમની આકાંક્ષાઓની સહજ રૂપે અભિવ્યક્તિ થઈ શકશે. ભારતીય રાજનીતિ એ ચૂંટણીઓમાં યુવાઓની ભાગીદારીને સમજવા માટે કેટલાક વલણો પર નજર નાખવી ઉપયોગી રહેશે. ૨૦૧૪માં લગભગ ૯૫૦૦ તો ૨૦૧૯માં ૧૦,૦૦૦ ઉમેદવારોએ લોકસભા ચૂંટણી લડી. તેમાંથી ફક્ત પાંચ ટકા ઉમેદવાર જ ૨૫ થી ૩૦ વર્ષની આયુ વર્ગના હતા. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ૨૫ થી ૩૦ વર્ષ ઉંમર વર્ગના ૩૨ ઉમેદવાર જ એવા હતા, જેમને પાંચ ટકાથી વધારે વોટ મળ્યા. જ્યારે ૨૦૧૯માં એવા ૨૬ ઉમેદવારો હતા જેમને પાંચ ટકાથી વધુ મત પ્રાપ્ત થયા. જો જીતની વાત કરીએ તો ૨૦૧૪માં ૧૧ અને ૨૦૧૯માં ૮ સાંસદો એવા જીતીને આવ્યા, જેમની ઉંમર ૨૫ વર્ષથી ૩૦ વર્ષ વચ્ચે હતી. આ આંકડાના નિહિતાર્થ કાઢવામાં આવે તો એ જ વાત સામે આવે છે કે એક તો ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરવાળા બહુ વધુ ઉમેદવારો ચૂંટણીમાં નથી ઉતરી રહ્યા અને ઉતરે છે તો પણ જીતી નથી શકતા. જે ચૂંટણીમાં ઉતરવાની સાથે જ જીતી પણ રહ્યા છે તેમાંથી મોટાભાગના રાજકીય પરિવારોથી આવે છે.

છેલ્લી કેટલીક લોકસભા ચૂંટણીઓની તસવીર જોઈએ તો સંસદની સરેરાશ ઉંમર ૫૩ થી ૫૪ વર્ષ વચ્ચે દેખાય છે. એ સ્પષ્ટ રૂપે સંકેત કરે છે કે સંસદ જેવી વિધાયી સંસ્થામાં યુવા આબાદીનું પ્રતિનિધિત્વ વધવું જોઈએ. આખરે શું કારણ છે કે એવું નથી થઈ શકતું? રાજકીય પક્ષ યુવાઓને ટિકિટ આપવાથી દૂર રહે છે. ટિકિટ આપવામાં પણ આવે છે તો મુખ્ય રૂપે એમને જ જેમની રાજકીય પારિવારિક પૃષ્ઠભૂમિ કે પ્રભાવ હોય છે. એવામાં જો ચૂંટણી લડવા માટે ન્યૂનતમ વયમર્યાદા ઘટાડવામાં આવે તો તેનું એક મોટું જોખમ એ રહેશે કે તેનાથી આપણી રાજકીય પ્રણાલી પર વંશવાદી રાજનીતિનું પ્રભુત્વ ઓર વધી જશે. સ્વાભાવિક છે કે રાજનીતિ સાથે યુવાઓને જોડવાનો રસ્તો ચૂંટણી લડવા માટે ન્યૂનતમ આયુ સીમા ઘટાડવાથી નથી જતો, બલ્કે તેના માટે રાજકીય પક્ષોને વ્યાપક રૂપે વિચારસરણી બદલવી પડશે.

જો રાજકીય પક્ષો ખરેખર રાજનીતિમાં યુવાઓની ભાગીદારી વધારવા માટે ગંભીર હોય તો તેમને કેટલાય સ્તરો પર પગલાં ભરવાં પડશે. સૌથી પહેલાં તો સરકારે યુવાઓને લઈને માપદંડ બદલવો પડશે. હજુ ૩૪-૩૫ વર્ષની ઉંમરવાળાને પણ યુવા માનવામાં આવે છે. આ માપદંડને ઘટાડવો પડશે. પાર્ટીઓએ પોતાના સાંગઠનિક માળખામાં યુવાઓને વધુ જગ્યા આપવી પડશે. લગભગ એ જોવામાં આવે છે કે મોટા મોટા રાજકીય પક્ષોની યુવા એકમોની કમાન પણ પ્રૌઢાવસ્થાના આરે ઊભેલા નેતાઓના હાથમાં હોય છે. રાજકીય પક્ષોએ પોતાના છાત્ર સંગઠનો માટે પણ અધિકતમ ઉંમરની એક સીમા નિર્ધારિત કરવી પડશે. બહેતર રહેશે કે તેમાં ૩૦થી વધુ ઉંમરવાળાને સ્થાન ન આપવામાં આવે.

રાજકીય પક્ષો સાથે જ સિવિલ સોસાયટીએ એ ઉપાય પણ કરવા પડશે કે મતદાનમાં યુવાઓની ભાગીદારી વધારવામાં આવે. મતદાનના વલણ દર્શાવે છે કે ૧૮ થી ૨૫ વર્ષની ઉંમર વર્ગના લોકો તેમાં ઉદાસીનતા દેખાડે છે. તેનું એક મુખ્ય કારણ એ છે કે આ ઉંમર વર્ગના યુવા કાં તો શિક્ષણ કે પછી નોકરી માટે એ સ્થાનથી બહાર હોય છે, જ્યાં તેમનું નામ મતદાર યાદીમાં હોય છે. માત્ર મતદાન માટે તેઓ પોતાના મૂળ સ્થાને નથી જઈ શકતા. યુવાઓનો રાજનીતિથી મોહભંગનો આરંભ અહીંથી જ શરૂ થાય છે. તેથી રાજકીય પક્ષો અને ચૂંટણી પંચે એવો કોઈ રસ્તો શોધવો પડશે કે વિભિન્ન કારણોસર પોતાના મૂળ સ્થળેથી દૂર રહેતા યુવા વિના કોઈ ગતિરોધ પોતાનું મતદાન કરી શકે. જ્યારે યુવા મતદાનમાં સહભાગી બનશે તો રાજનીતિને લઈને તેમનું વલણ પણ ગંભીર અને સંવેદનશીલ બનશે. તેમની અંદર નેતૃત્વની નૈસર્ગિક ભાવના પણ પેદા થશે. પહેલાં આ દિશામાં પ્રભાવી ઉપાય કરવામાં આવે, ત્યારબાદ જ ચૂંટણી લડવા માટે ન્યૂનતમ ઉંમર ઘટાડવા પર વિચાર કરવાની દિશામાં આગળ વધવામાં આવે.

# ચાંદની રાતમાં જ શા માટે તોડવામાં આવે છે ભારતની સૌથી મોંઘી ચા?

## વૃક્ષારોપણના કામદારોના મતે, આ ચામાં પૃથ્વીનો દરેક જાદુ, બ્રહ્માંડના દરેક રહસ્યો અને માટીની તમામ શક્તિઓ સમાયેલી છે, દાર્જિલિંગમાં એક ખાસ ચા ઉગાડવામાં આવે છે



નવી દિલ્હી, તા.૬

જો ભારતીય ઉત્પાદનની વાત કરીએ તો આસામ, કેરળ અને પશ્ચિમ બંગાળનો ઉલ્લેખ છે. પરંતુ શું તમે જાણો છો કે દાર્જિલિંગમાં એક ખાસ ચા ઉગાડવામાં આવે છે, જે વિશ્વની સૌથી મોંઘી ચામાંની એક છે. અમે વાત કરી રહ્યા છીએ સિલ્વર ટિપ્સ ઈમ્પિરિયલ ટી વિશે. આ ચાના પાંદડાઓની એક દુર્લભ વિવિધતા છે અને તે પૂર્ણચંદ્રની રાત્રે જ તોડી લેવામાં આવે છે. વર્ષમાં માત્ર ચાર કે પાંચ વખત જ તેની લણણી થાય છે. સિલ્વર ટીપ્સ ઈમ્પીરીયલ ચા મકાઈબારી ચાના બગીચાના અમુક ખાસ લોકો દ્વારા જ તેડવામાં આવે છે. પૂર્ણિમાની રાત્રે આ લોકો હાથમાં મશાલ લઈને તેની કળીઓ ચૂંટી લે છે. તમે તસવીરોમાં પણ જોઈ શકો છો કે કેવી રીતે એક હાથે ટોર્ચ પકડીને અને બીજા હાથે કળીઓ ચૂંટવાનું કામ થઈ રહ્યું છે. વૃક્ષારોપણના કામદારોના મતે, આ ચામાં પૃથ્વીનો દરેક જાદુ, બ્રહ્માંડના દરેક રહસ્યો અને માટીની તમામ શક્તિઓ સમાયેલી છે. ચળકતા ચંદ્રપ્રકાશમાં કામદારો ગાતા અને ગુંજારવીને કળીઓ ચૂંટે છે અને કળીઓ પેક કરીને પરોઢ પહેલા મોકલવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે જો સૂર્યના કિરણો તેના પર પડે તો તેની સુગંધ ઓછી થઈ જાય છે. દાર્જિલિંગમાં આ ચાનું માત્ર ૧૦૦-૧૫૦ કિલો ઉત્પાદન થાય છે. અને તે અમેરિકા, જાપાન, બ્રિટનના ખરીદદારો દ્વારા લેવામાં આવે છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, બ્રિટિશ રાજવી પરિવાર આ ચાના દિવાના છે. અવારનવાર ત્યાં ચા મોકલવામાં આવી છે. તેને તોડવાની પ્રક્રિયા એટલી ખાસ છે કે તેને જોવા માટે દૂર-દૂરથી પ્રવાસીઓ આવે છે. કેટલાક લોકો એવો પણ દાવો કરે છે કે પૂર્ણિમાના દિવસે સમુદ્રમાં ભરતી આવે છે, જે ખૂબ શક્તિશાળી હોય છે. તે સમયે સમગ્ર બ્રહ્માંડની શક્તિ પૃથ્વી પર અસર કરે છે. આવા પ્રસંગે જે પણ તૈયાર કરવામાં આવે છે તે ખૂબ જ શક્તિશાળી હોય છે. તેથી જ પૂર્ણિમાના દિવસે ચા પણ પીવડાવવામાં આવે છે. આ ચા ખાસ કળીઓમાંથી બનાવવામાં આવે છે જે ચાંદીની સોય જેવી દેખાય છે. તેની કિંમત જાણીને તમને આશ્ચર્ય થશે. ૨૦૧૪માં એકવાર તેની હરાજી કરવામાં આવી હતી, જ્યારે એક કિલો ચા ૧.૫૩ લાખ રૂપિયામાં વેચાઈ હતી. હાલમાં મકાઈબારી વેબસાઈટ પર ૫૦ ગ્રામ ચાની કિંમત ૩૬ ડોલર એટલે કે ૩૦૦૦ રૂપિયા છે. જો પ્રતિ કિલો જોવામાં આવે તો તે લગભગ ૬૦ હજાર રૂપિયામાં ઉપલબ્ધ છે. ચાના બગીચાના મતે, તે યુવાની જાળવવામાં ખૂબ મદદરૂપ છે.

# ટૂંક સમયમાં પરંપરાગત દવાઓ પર ભારતની મહોર હશે, કેન્દ્ર સરકારે સમિતિની પણ રચના કરી




નવીદિલ્હી,તા.૦૬

ટૂંક સમયમાં પરંપરાગત દવાઓ (**Traditional medicine**) પર ભારતની મહોર હશે. આના કારણે પ્રાચીન દવાઓ અને તેમાંથી બનતી વસ્તુઓ પર ભારતનો એકાધિકાર રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત કુદરતી ઉત્પાદનો પર પેટન્ટનો દાવો કરવા માટે નવી અને વૈજ્ઞાનિક તથ્યો આધારિત સિસ્ટમ બનાવવા માંગે છે. આ માટે કેન્દ્ર સરકારે એક સમિતિની પણ રચના કરી છે જે ટૂંક સમયમાં સંપૂર્ણ સમીક્ષા સાથે વચગાળાનો અહેવાલ રજૂ કરવા જઈ રહી છે. આ ભલામણોના આધારે આગળની નીતિ નક્કી કરવામાં આવશે. આ સમિતિનું નેતૃત્વ સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (**DPIIT**) કરે છે. કેન્દ્રીય આયુષ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે કુદરતી ઉત્પાદનો પર પેટન્ટનો દાવો કરવો મુશ્કેલ છે. આને કારણે, ઘણી નવીનતાઓ હોવા છતાં, ઘણા પેટન્ટનો દાવો કરી શક્યા નથી, જ્યારે ભારતમાં હાલમાં વૈકલ્પિક દવા ઉદ્યોગમાં ૯૦૦ થી વધુ સ્ટાર્ટઅપ્સ કામ કરી રહ્યાં છે. આમાંથી એક યુનિકોર્ન કંપની છે, જેનું ટર્નઓવર આઠ હજાર કરોડ રૂપિયાથી વધુ છે. આ ક્ષમતાઓ સાથે, ભારત ૨૦૧૪ થી આઠ ગણાથી વધુ વિકાસ પામ્યું છે. ૨૦૧૪માં તે ૨૪ હજાર કરોડ રૂપિયાની આસપાસ હતું જે ૨૦૨૦ સુધીમાં ૧.૪૦ લાખ કરોડ રૂપિયાથી વધુ પહોંચી ગયું હતું. હાલમાં તે ૨૦૨૩માં રૂ. ૧.૫૦ લાખ કરોડના આંકડાને પાર કરી શકે છે. આ બધું હોવા છતાં, જ્યારે પેટન્ટની વાત આવે છે, ત્યારે તે આપણા માટે ઘણા વર્ષોથી એક પડકાર બનીને રહી છે, જેનો સમયસર ઉકેલ ખૂબ જ મહત્વપૂર્ણ છે. એક ટોચના અધિકારીએ જણાવ્યું કે લીમડાના વૃક્ષને ભારતમાં જીવન વૃક્ષ માનવામાં આવે છે, કારણ કે તેના પાંદડાથી લઈને મૂળ સુધી તે અનેક રોગોમાં રાહત આપે છે. ૧૯૯૫માં એક અમેરિકન કંપનીએ યુરોપમાં લીમડાની પેટન્ટ મેળવી હતી. તેનું નામ નીમિક્સ રાખવામાં આવ્યું અને દર વર્ષે લગભગ છ કરોડ ડોલરનો બિઝનેસ થવા લાગ્યો. આંતરરાષ્ટ્રીય સ્તરે લાંબા વિરોધ પછી, ભારતને ૨૦૦૫માં સફળતા મળી, પરંતુ ઘણા દેશો, ખાસ કરીને ચીન, તે ઉત્પાદનોને તેમના માલિકી અધિકાર સાથે આખી દુનિયામાં વેચી રહ્યા છે, જેનું મૂળ અને ઈતિહાસ ભારત સાથે જોડાયેલું છે. યુનિવર્સિટી ઓફ ન્યુ સાઉથ વેલ્સ દ્વારા કરવામાં આવેલ અભ્યાસ સૂચવે છે કે પરંપરાગત દવાનું જ્ઞાન ઘણું પ્રાચીન છે. બજારમાં આવા ઘણા ઉત્પાદનો છે, જેનું મૂળ પરંપરાગત દવા છે, પરંતુ ખાનગી કંપનીઓ તેને અલગ-અલગ નામથી વેચી રહી છે. યુનિવર્સિટીના પ્રો. ડેનિયલ રોબિસન કહે છે કે ધીરે ધીરે આ કંપનીઓ પેટન્ટ લઈને કાયદેસર રીતે આ સંસાધનો પર કબજો કરવાનું શરૂ કરે છે. આમાં કંપનીઓ અબજોનો નફો કમાય છે અને દેશને નુકસાન થાય છે, પછી તે ભારત હોય કે અન્ય કોઈ દેશ.

# મુક્તિના દાતા ભગવાન સદાશિવ

ભગવાન શ્રી રામચંદ્રજી સીતા માતાજીને લંકામાંથી પરત લાવવા માટે શ્રી લક્ષ્મણજી અને વાનર સૈન્ય સહિત દક્ષિણના સમુદ્ર કિનારે પહોંચ્યા ત્યારે વહેલી સવારે તેમને તૃષા લાગી. તેમને પીવા માટે જળની માંગણી કરી ત્યારે તરત જ જળ ભરેલું પાત્ર હાજર કરવામાં આવ્યું.



જ્યારે તેઓ જળ પીવા જતાં હતાં ત્યાં જ તેમને શિવજીનું સ્મરણ થઈ આવ્યું. શિવજીના દર્શન, પુજનપ અર્ચન, વિના કંઈ પણ મોઢામાં ન મુકવું તેવો તેમનો નિયમ હતો.

પાણી પીવાનું રહેવા દઈ અને શિવજીની પુજા કર્યા બાદ જ જળ પીવાનું સૌને જણાવી ત્યાંજ પાર્થીવલિંગ બનાવી તેમની પુજા-અર્ચના અને ઉત્તમ પ્રાર્થના કરવા માંડી કે, હે પ્રભુ, આ સાગરનો જળ અધાગ છે. મારે જેની સાથે યુધ્ધ કરવાનું છે તે રાક્ષસ મહાશક્તિશાળી છે. મારી પાસે ચંચળ વાનરોનું સૈન્ય છે માટે મને તમારી સહાયતાની ખાસ જરૂરત છે.

ત્યાર પછી, ખુબ જ ઉંચા સાદે શિવજીની સ્તુતિ કરી. આ સમય સમગ્ર પરિવાર સહિત શિવજી પ્રગટ થયા અને તમારૂ પરમ કલ્યાણ થાય. ભગવાન શ્રી રામચંદ્રજીએ સકલ ઉપચાર યુક્ત ભગવાન શ્રી શંકરની પુજા કરી. વિવિધ પ્રકારની સ્તુતિ કરી, હર્ષપૂર્વક શિવજીને પ્રણામ કરી રાવણ જેવા શત્રુ સામે જય થાય તે માટે પ્રાર્થના પણ કરી.

શિવજી રામચંદ્રજીની સ્તુતિથી સંતુષ્ટ થયા અને તેમના જય માટે આર્શિવાદ અને પીવા માટે જળ આપ્યું. રામચંદ્રજીએ તે જળ પી અને તૃષાને શાંત કરી અને ફરી ઉત્તમ પ્રાર્થના કરી કે, હે શિવજી, આપ આ મૃત્યુલોકના જીવોના કલ્યાણ માટે અહીં કાયમ માટે બિરાજમાન રહો.....!

લોકો તમારા દર્શન કરી પાવન થાય. તમારા ભક્તો અહીં આવે અને ઉત્તમ પાર્થના કરે.તેમનું કલ્યાણ કરી અને તેમના મનની ઈચ્છા પૂર્ણ થાય તેવી કૃપા તમે કરતા રહો. તેવી મારી પ્રાર્થના છે.

ભગવાન રામચંદ્રજીની પ્રાર્થના સાંભળીને શિવજી અત્યંત પ્રસન્ન થયા. ત્યાં જ તેમણે લિંગરૂપ ધારણ કર્યું. અને જગતમાં તે સ્થળ "શ્રી રામેશ્વર" એ નામે પ્રસિધ્ધ થયું.

દ્વાદશ જ્યોર્તિલિંગમાં સ્થાન પામેલા એવા શ્રી રામેશ્વર તીર્થના સ્મરણ માત્રથી પણ પાપ બળે છે તેવું શાસ્ત્રોમાં વિધાન છે.

કનકચંદ્ર છગનલાલ વ્યાસ

દેવેન કનકચંદ્ર વ્યાસ

# શ્રાવણ સત્સંગ

## શ્રી અંધકેશ્વર મહાદેવની કથા

દૈત્યરાજ હિરણ્યાક્ષને ત્યાં અંધક નામનો પુત્ર હતો. આ દૈત્યપુત્ર અંધકે બ્રહ્માજીને તપવડે પ્રસન્ન કરી અને અત્યંત દૂર્લભ એવા બળની પ્રાપ્તિ કરી હતી. બ્રહ્માજી પાસે જયાં સુધી બ્રહ્માંડ રહે ત્યાં સુધી આયુષ્ય માંગી લીધા પછી અંધકને અભિમાન જાગ્યું.



બળની પ્રાપ્તિ થવાથી અતિ અભિમાન સાથે અંધકે ત્રણેય લોકને જીતી લીધા. ત્યાર પછી દેવતાઓ અને દિગપાલોને પણ જીતી લઈ ત્રિલોકમાં હાહાકાર મચાવી દીધો. અંધકદૈત્યના ત્રાસથી કંટાળી અને દેવતાઓ મંદરાચલ પર્વતમાં આશ્રય મેળવી અને ત્યાંજ પોતાનો દેહ નિર્વાહ કરવા લાગ્યા હતા.

જયારે દૈત્ય અંધકાસુરને એ વાતની જાણ થઈ કે, દેવતાઓ મંદરાચલ પર્વતમાં છુપાયા છે ત્યારે તેને મારવા માટે અંધકાસુર પોતાના સૈન્ય સાથે તે મંદરાચલ પર્વત ખાતે ગયો. ત્યાં દેવો અને દાનવો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં પીડા પામવાથી દેવતાઓ ત્યાંથી દશેય દિશામાં ભાગવા લાગ્યા.

ત્યાર પછી અંધકાસુર દૈત્ય નૈઋત્ય ખૂણામાં સમુદ્રની નજીક એક સુંદર ખાડો કરી તેમાં તે પ્રવેશ્યો અને ત્યાં રહેતો. તે સમયાંતરે તે માંથી બહાર નિકળી અવાર - નવાર તે પ્રજાને પીડા આપી ફરી તે ખાડામાં પેસી જતો. તેનાથી અત્યંત પીડાયેલા દેવતાઓ અવાર -નવાર ભગવાન શંકર પાસે પ્રાર્થના કરી અને અંધકાસુર દૈત્ય વડે થયેલા દુઃખો કહી સંભળાવ્યા . આ પ્રમાણે વારંવાર પ્રાર્થના કરવાથી પ્રસન્ન થયેલા ભગવાન શંકરે કહ્યું, "તમે સૈન્ય લઈ ત્યાં જાઓ, હું પણ ગણ સહિત ત્યાં આવું છું"

દેવો ત્યાં ગયા એટલે દેવો અને દૈત્યો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. ત્યારે ત્યાં શિવજી પ્રગટ થયા અને ત્રિશુલ વડે અંધકાસુર અંત આણવા ગયા ત્યારે અંધકાસુરે પ્રાર્થના કરવા માંડી " હે શિવ શંભો, હે કૃપાનિધાન , અંતકાળ મને તમારા દર્શનનો લાભ પ્રાપ્ત થયો છે તેથી હું મહાભાગ્યશાળી છું. આપ મારા પર કૃપા કરી પ્રસન્ન થાઓ અને તમારી શુભ ભકિત અને કાયમ રહ્યાં કરે તેવી આશીર્વાદ આપો." આમ કહી અંધકાસુરે ભગવાન શંકરની સ્તુતિ કરી. ભગવાન શંકર પ્રસન્ન થઈ તેને આશીર્વાદ આપ્યા, પછી તે ઉપરાંત અન્ય આસુરો પણ હણાયા .

આથી, દેવતાઓને સંતોષ થયો. તેઓ પોતાના કાર્યમાં લાગી ગયા. ભગવાન શિવજી અંધકાસુરની ભકિતથી પ્રસન્ન થઈ ભગવાન શિવજી તેને અમર બનાવવા ત્યાં જ સ્થાપિત થયા અને અંધકેશ્વર નામથી જગતમાં પ્રસિધ્ધ થયા. ક્ષણવારની ભકિત માત્રથી જેના ઉપર કૃપા કરી તેવા ભગવાન શિવજીને ભોળાભાવે ભજનારા ભક્તોના સર્વ સંકટો દૂર થાય છે અને તે શિવલોકને પામે છે તેવું શાસ્ત્રનું વિધાન છે .

કનકચંદ્ર છગનલાલ વ્યાસ

દેવેન કનકચંદ્ર વ્યાસ

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

શ્રધ્ધાવાન જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

- શ્રીમદ્ ભાગવદ્ ગીતા

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ વદ-૭ બુધ પૂજન, શીતલા સપ્તમી, કાલાષ્ટમી, શ્રી કૃષ્ણ જયંતિ (ઉપવાસ), મુ. ચેહલમ તા.૬ સપ્ટેમ્બર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૨૦, કૃતિકા નક્ષત્ર, હર્ષણ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૭:૦૩

આજનો દિવસ સવારે ૯:૧૯ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્ભવે.
વૃષભ: જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠીન બને.
મિથુન: આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય. મહત્વના કાર્યમાં સફળતા મળે.
કર્ક: મનની મુરાદ પૂરી થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
સિંહ: લાભની નવિન તક સાંપડે. વડીલ વર્ગથી લાભ મળે.
કન્યા: કાર્યબોજમાં વધારો થાય. દરેક કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.
તુલા: માનસિક ચિંતા હળવી બને. સમસ્યાનો ઉકેલ મળે.
વૃશ્ચિક: સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. પ્રવાસથી લાભ થાય.
ધન: આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મકર: અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.
કુંભ: નાણાંકીય ભીડ અનુભવાય. ભાઈ-બહેન સાથે વાક્યયુદ્ધ થાય.
મીન: મનમાં અશાંતિ રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.

# દેવાધિદેવ ભગવાન શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનાં વ્રત ઉપવાસ કરવાથી પ્રસન્ન થાય છે : શ્રી શુકદેવજી












જન્માષ્ટમી એટલે પ્રભુ પ્રેમીઓના આનંદની પરાકાષ્ઠા. આ પર્વ પ્રત્યેક વર્ષે એક જ વાર આવે છે, પણ લોકોને કેટલો આનંદ આપે છે! વસુદેવ શુદ્ધ સત્વનું સ્વરૂપ છે, અને દેવકીજી નિષ્કામ બુદ્ધિનું સ્વરૂપ છે. દેવકીનો ભાઈ કંસ બહેનને વિદાય આપવા રથ હાંકે છે. આ વખતે આકાશવાણી થાય છે. "તારી બહેન દેવકીનો આઠમો ગર્ભ તને મારશે." કંસે ભયભીત બની દેવકી અને વાસુદેવને કારાગૃહમાં પૂરી દીધા હતા.

એક પછી એક એમ દેવકીના બાળકોનો કંસે વિનાશ કર્યો. શ્રી કૃષ્ણાવતાર એટલે દેવકીજીનો આઠમો પુત્ર. શ્રાવણ વદ આઠમ, અભિજિત નક્ષત્ર, શ્રી કૃષ્ણ જન્મ જયંતી, ભગવાન શ્રી કૃષ્ણે આજે અધર્મનો નાશ કરી ધર્મની સ્થાપના કરવા, પાપીઓનો સંહાર કરવા, પુણ્યાત્માઓની રક્ષા કરવા તેમજ ગાયો, બ્રાહ્મણો અને સંતોનું પાલન કરવા ધરતી ઉપર જન્મ ધારણ કર્યો.

ભગવાનનો પ્રાદુર્ભાવ થતાની સાથે જ કારાગૃહમાં દિવ્ય પ્રકાશ રેલાયો. પ્રકાશમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલા ભગવાન વિષ્ણુને વસુદેવે જોયા. "મને ગોકુળમાં નંદબાબાને ત્યાં મૂકી આવો." અને વસુદેવ-દેવકીને બીજા વધુ ૧૧ વર્ષ અને ૫૨ (બાવન) દિવસ પોતાનું ધ્યાન ધરવા કહ્યું. આ કોલ પાળવા શ્રી કૃષ્ણે દેવકીજીની કૂખે અવતાર લીધો. જન્મ કારાવાસમાં પરંતુ ઉછેર નંદરાજાને ઘેર માતા યશોદાજીની ગોદમાં!

શ્રી કૃષ્ણ એટલે કૌસ્તુભમણિ. સવાર થતાં જ યશોદાજીને પુત્ર જન્મની વધાઈ સાંપડે છે. ગોકુળમાં આનંદ આનંદ છવાઈ ગયો. "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી."

વસુદેવ યોગમાયાને લઈ પાછા મથુરામાં કારાગૃહમાં પ્રવેશ્યા. આ બાલિકા શ્રી વિષ્ણુની નાની બહેન મહામાયા જ હતી. બ્રહ્મ સંબંધ થતાં બેડી તૂટેલી. માયાનો સંસર્ગ થવાથી તેમના હાથમાં ફરીથી બેડીઓ આવી ગઈ. કારાગૃહના દ્વાર બંધ થઈ ગયા.

સો ટચના સોનાનો કદી આકાર થતો નથી. ચોખા વાવે તો ચોખા ન થાય. તે માટે તો ડાંગર જ વાવવી પડે. આવરણ સાથે બ્રહ્મ નિહાળે તેને મુક્તિ મળતી નથી. આ બધા પ્રસંગો તો અવતાર ધારણ કરવા પ્રભુની સ્વેચ્છા મુજબ જ બન્યાં હતા. દેવીએ એક પછી એક પૃથ્વી ઉપર અવતાર લેવા માંડ્યો. દેવાંગનાઓ વ્રજભૂમિમાં ગોપીઓ બની અને દેવો ગોવાળિયાઓ બન્યાં.

શ્રી કૃષ્ણ ભયાનક કાળમાં જન્મ્યાં હતા. તત્કાલીન સમાજમાં સત્તા અને સંપત્તિનું પાશવી નૃત્ય ચાલી રહ્યું હતું. રાક્ષસી પૂતના, રાક્ષસો શકરાસુર, તૃણાવર્ત, વત્સાસુર, બકાસુર, વ્યોમાસુર વગેરે ભગવાન શ્રી કૃષ્ણના અપૂર્વ બળ આગળ ટકી શકતા નથી.

વ્રજ ગોપીઓ પ્રત્યેના અલૌકિક પ્રેમનો અને રાસલીલાનો પ્રસંગ અદભુત છે. વ્રજના કણ કણમાં આ ઉત્સવ ઉજવાયો છે.

શ્રી કૃષ્ણ ભગવાન વિષ્ણુના આઠમા અવતાર હતા વળી તિથિ પણ શ્રાવણ વદ આઠમ, આથી આ દિવસ જન્માષ્ટમી તરીકે પવિત્ર ગણાય છે. જન્માષ્ટમીના દિવસે કરવામાં આવેલું વ્રત વ્રતધારીને સુખ, સમૃદ્ધિ અને સંપત્તિ આપનારું છે. જન્માષ્ટમી વ્રત કરવાથી અને ઉપવાસ કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે.

દશાફલ વ્રત (શ્રાવણ વદ આઠમ) અન્ય વ્રત કરતાં જુદું જ છે. ભગવાનની સેવા-પૂજા, કથા-વાર્તા, આરતી વગેરે મધરાતે કરાય છે. ભગવાને અર્ઘ્યપણ મધરાતે અપાય છે. આ વ્રત કરનારને ખરાબ દશા આવતી નથી, માટે સૌએ આ વ્રત શ્રદ્ધા પૂર્વક કરવું જોઈએ. ઈશ્વરનું પ્રાગટ્ય કે પ્રાદુર્ભાવ એટલે મહોત્સવ. પ્રભુ કીર્તન, પ્રભુ સ્મરણ, દર્શન, વંદન, શ્રવણ તથા પૂજન લોકોના પાપને તત્કાળ દૂર કરે છે.

નંદબાબાએ ગૌદાન અને ગુપ્ત દાન કરીને સૌને પ્રસન્ન કર્યા હતા. ધન-સંપત્તિને ધોવાની સારી પ્રક્રિયા દાન છે. અન્નદાન, વિદ્યાદાન વગેરે દાન દ્વારા ધન ધોવાય છે. આ દાન સુપાત્ર હોવું જરૂરી છે.

દેવતાઓ વિવિધ સ્વરૂપે દર્શને આવ્યા છે. સૌંદર્ય એ આંખનો ઉત્સવ છે. સંતોષ એ આનંદનો ઉત્સવ છે. ધ્યાન અને પ્રેમ એ અંતઃકરણનો ઉત્સવ છે.

ભગવાન સૌંદર્ય અને પરમાનંદ લૂંટાવી રહ્યા છે. શિવજી પણ પધાર્યા છે. હરિ-હરની નજર એક બને છે. શિવજી તો આનંદવિભોર બની તાંડવ નૃત્ય કરવા લાગે છે. બાલસ્વરૂપ નિહાળી સૌને પરમાનંદ થાય છે. પ્રભુએ બાળલીલામાં કોટિ કોટિ બ્રહ્માંડના દર્શન કરાવ્યા છે.

કંસ પૂતના રાક્ષસીને મોકલે છે. જે પવિત્ર નથી તે પૂતના. પૂતના એ મનનો દોષ છે. મનમાં રહેલી અવિદ્યા છે. પૂતના એ અહંકાર અને વિકાર છે. પવિત્રમાં પવિત્ર વૃત્તિને ઘસડી લઈ જાય તે પાપનું નામ પૂતના. સ્તનપાન કરાવવાના ધરી આવે છે. શ્રી કૃષ્ણ તેનો ઉદ્ધાર કરે છે.

પૂતના અજ્ઞાનતાનું પ્રતીક છે, વાસનાનું પ્રતીક છે. માણસની આંખમાં પૂતના રહેલી છે. પરસ્ત્રીનું સૌંદર્ય જોનારની આંખમાં પૂતનાનો વાસ છે. પૂતનાનું બાહ્ય સૌંદર્ય માયાનું સ્વરૂપ છે. તે કામચારિણી અને નિશાચારિણી હતી. પાપ પાપના રૂપમાં હોય ત્યારે ઓળખી શકાય છે, પરંતુ તે પુણ્યનો આંચળો ઓઢીને આવે છે તે ઓળખવું દુષ્કર છે.

શ્રી કૃષ્ણ જન્મનું રહસ્ય એ છે કે મથુરામાં જ્યારે શ્રી કૃષ્ણે મલ્લો સાથે યુદ્ધ કર્યું ત્યારે મલ્લોને મારી નાંખ્યાં હતા. સંસાર રૂપી અખાડામાં કામ-ક્રોધ રૂપી મહામલ્લો જીવને મારતાં આવ્યાં છે. કંસ વધની કથાનું રહસ્ય એ છે કે, સંસાર એક અખાડો છે, મલ્લ "ચાણુર" કામનું પ્રતીક છે અને "મુષ્ટિક" એ ક્રોધનું પ્રતીક છે. કામ અને ક્રોધ બે મહામલ્લો છે, જે અનાદિકાળથી જીવને મારતાં આવ્યાં છે. શ્રી કૃષ્ણે કંસ દ્વારા મોકલવામાં આવેલ "કુવલયાપીડ" હાથી એ અભિમાનનું પ્રતીક છે. જે પૂર્ણ તૃપ્તિ આપે તે પ્રિય કહેવાય. ભગવાન શ્રી કૃષ્ણનો અનુગ્રહ એ બીજ છે. આ બીજનું જો જીવનમાં બીજારોપણ કરવામાં આવે તો ભાવમય સૃષ્ટિનું સર્જન થાય છે. ગોપીઓ કહે છેઃ અમારા સાચા પતિ તમે જ છો. અમને એવું જ્ઞાનામૃત આપો કે જેથી તમારો વિયોગ જ ન થાય. ગોપી એ હદયનો શુદ્ધ ભાવ છે. ગોપીની પરિભાષા એ છે કે, "પરમાત્મા દર્શન કરતી વખતે સ્ત્રીત્વ અને પુરુષત્વનું ભાવ ભૂલે એ ગોપી!"

ભગવાન શ્રી કૃષ્ણ ગોપીઓને દિવ્ય રસનું, અદ્વૈત રસનું પાન કરાવે છે. ગોપીઓને પ્રમાનંદન પ્રાપ્ત થાય છે. જીવ અને ઈશ્વર ઐક્ય સાધે છે. વ્રજાંગનાઓના મંડળમાં પ્રભુનું ખોવાઈ જાય છે.

જન્માષ્ટમીના પરમ પવિત્ર દિવસે ભગવાન શ્રી કૃષ્ણનું પ્રાગટ્ય વ્રજવાસીઓના પાપને હરનારું છે. આ તિથિનો મહિમા અનેરો, અનોખો અને અદ્વિતીય છે. એક વખત બ્રહ્માદિ દેવોને થયું કે, કૃષ્ણ ગોપીઓ સાથે નાચે-કૂદે, રાસ લે એ ઠીક ન કહેવાય. આ નિષ્કામ લીલા મર્યાદા વિરુદ્ધ ગણાય. પ્રભુ પોતે પરસ્ત્રી સાથે નાચે-કૂદે તે યોગ્ય નથી. આવું બ્રહ્માજી વિચારી રહ્યા છે, ત્યાં તો તેમને જેટલી ગોપીઓ હતી તેટલા કૃષ્ણ દેખાયા!

ગોપીઓના પ્રેમપરાગ પાસે પ્રભુ વેચાઈ ગયા છે. રાસમાં ગોપીઓના શરીર સાથેનું રમણ નહતું. આ તો ગોપીઓના આધ્યાત્મિક સ્વરૂપનું મિલન હતું. આ આધ્યાત્મિક મિલન માટે પણ સૌએ જન્માષ્ટમીનું વ્રત કરવું આવશ્યક છે. રાસલીલામાં આત્માનું આત્મા સાથે રમણ છે. આ તો ભક્તિમાર્ગના ઉચ્ચ જીવાત્માઓ સાથે નટવરનું નૃત્ય છે.

રાસોત્સવ મહાન છે. ગોપીઓ (સ્ત્રી અને પુરુષો બંને) ભક્તિમાર્ગના સાધકો છે. ભગવાન શ્રી કૃષ્ણે રસબ્રહ્મની અનુભૂતિ કરાવીને પરમાનંદ રસના માધ્યમથી રસની લહાણ કરી છે. આ સર્વે ગોપીઓ નિષ્કામ ભક્તિમાર્ગની પ્રવાસીઓ છે.

ભગવાન શ્રી કૃષ્ણે શંખચૂડ, અરિષ્ટાસુર, કેશી દૈત્ય, વ્યોમાસુર વગેરેનો તેમજ કંસનો વધ કર્યો હતો. ત્યાર પછી પ્રભુ કારાગૃહમાં માતા-પિતાને મળવા જાય છે, પ્રણામ કરી તેમને મુક્ત કરે છે. કંસનો ઉદ્ધાર કરી તેનું રાજ્ય શ્રી કૃષ્ણે કંસના પિતા ઉગ્રસેનને અર્પણ કર્યું હતું.

ગોકુળ લીલા ૧૧ વર્ષ ૫૨ (બાવન) દિવસ ચાલી હતી, અને પછી પ્રભુ મથુરા પધાર્યા હતા. કંસ વધ કરી શ્રી કૃષ્ણ જ્યારે દેવકીજીને તેમને પોતાના ખોળામાં બેસાડી હદય પૂર્વક રૂદન કરે છે. પિતા વસુદેવનો વાત્સલ્યપ્રેમ પણ અતૂટ છે, તેમની આંખો પણ અશ્રુભીની થાય છે.

વસુદેવજી કૃષ્ણ-બલદેવને આલિંગન આપી ગદગદ કંઠે કહે છે કે, આજે મારો જન્મ સાર્થક થયો છે, મારું જીવન સફળ થયું છે. આજે મને મારા બંને પુત્રો મળ્યા છે તેથી મારા આનંદની સીમા અસીમ છે.

જન્માષ્ટમીનું વ્રત ભગવાન શ્રી કૃષ્ણની આજ્ઞાથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર તેમજ અન્ય ધર્મશીલ વર્ગ કરે છે. આ પાપનાશક વ્રતનો મહિમા ઘણો છે. આ દિવસે શ્રી કૃષ્ણલીલા અને ચરિત્રોનું શ્રવણ-પઠન કરવું, ઉપવાસ કરવો, બ્રહ્મચર્યનું પાલન કરવું. આ દિવસે ત્રણ પ્રકારની ભગવત્સેવા કરવાનું વ્રત લેવું. આ સેવા ત્રણ પ્રકારની છે -(૧) માનસી સેવા (૨) તનુજા સેવા અને (૩) વિત્તજા સેવા.

જન્માષ્ટમીના દિવસે મનની એકાગ્રતા રાખી ભગવાન શ્રી કૃષ્ણમાં ચિત્ત પરોવવું તેને "માનસી સેવા" કહે છે. તનુ એટલે દેહ. દેહ દ્વારા જે સેવા થાય તેનું નામ "તનુજા સેવા". વત્તિ એટલે ધન. ધનથી જે સેવા થાય તેનું નામ "વિત્તજા સેવા". સેવા, ધર્મ અને ધર્મબળ એ સર્વ આધ્યાત્મિક બળોની બુનિયાદ છે.

જ્યારે શ્રી કૃષ્ણ અને વસુદેવ-દેવકીજીનું કારાગૃહમાં સુખદ મિલન થાય છે ત્યારે વાણીની ભાષા અટકી જાય છે અને આંસુની ભાષા શરૂ થાય છે. માતા-પિતા પુત્ર પાસે એવું માગે છે કે, અમને માયા સતાવે નહિ. અમને માયાજાળથી અલિપ્ત રાખજો. એમને દૈવી સંસ્કૃતિનો ભારતવર્ષમાં ફેલાવો કરવાની અભીપ્સા છે માટે એવું સામર્થ્ય માગે છે. એમને રાજ્યધૂરાને લીધે માયામાં ડૂબી જવું નથી. ઉન્નતિની આંધળી લિપ્સા નથી જોઈતી, એમને તો અમી થઈને વરસતા વાદળ જેવું જીવન આ વૃદ્ધાવસ્થામાં જોઈએ છીએ.

ભલે હો અલ્પ, કિન્તુ માનવી જેવું જીવન દેજે;
ઉરે હો જે ભાવ, એવું મનન દેજે...

કનૈયા! મારે મોક્ષ નથી જોઈતો, નિષ્કામ ભક્તિ જોઈએ છે. માતા-પિતાને કૃષ્ણ દર્શનથી મોક્ષનો મોહ પણ ઊતરી ગયો છે. માટે એવી ભક્તિ માગે છે કે, "ઊતરી જાયે મોક્ષનાય પણ મોહ !" હે ગોપાલ ! ભક્તિ કેવળ કોરી નહિ, કર્મસ્વરૂપે આપજે. મોહ એ માનસ રોગોનું મૂળ છે. ધર્મ એ અમૃત છે. આપત્તિમાં વિવિધ વ્રતો દ્વારા પ્રભુ-સ્મરણ કરવું એ અમૃત છે.

વ્રત કર્યા પછી સંપત્તિનો વિનોયોગ કીર્તિ દાનમાં નહિ પરંતુ ગુપ્ત દાનમાં કરવો એ ધર્મ છે. આચાર અને વિચારનો સુભગ સમન્વય કરી વ્રતધારીએ પોતાના વચનને વર્તન દ્વારા સમૃદ્ધ બનાવવું એ સાચું વ્રત છે. આપણું આજીવિકાનું સાધન શુદ્ધ હોવું જોઈએ અને તેના દ્વારા જીવાતું જીવન અને દાન-દક્ષિણા પણ શુદ્ધ હોવા જોઈએ.

ધર્મના માર્ગે જે દ્રવ્યોપાર્જન થાય છે, તે વ્રત-ઉત્સવમાં ખર્ચાય તે યોગ્ય વિનિમય કહેવાય.

આ ધન જીવનમાં સાધુતાને અને સદગુણોને નષ્ટ થવા દેવું જે સાચો વ્રતધારી છે, જે ત્યાગી છે, જે તપસ્વી છે, જે સંન્યાસી છે તેને ધનની જરૂર પડતી જ નથી. લક્ષ્મીજી તેમની પાછળ પાછળ દોડે છે. તેઓ સદકાર્ય માટે ધન જેમ-જેમ આપતા જાય છે, વાપરતાં જાય છે, તેમ-તેમ ધન આપનારા વધતાં જાય છે.

વ્રત-ઉપાસના એ પ્રાચીન પરંપરા છે, તે મૂર્ધન્ય સંસ્કૃતિ છે. સર્વ ધર્મનો નિચોડ વ્રત-ઉપાસનામાં નવનીત (માખણ) રૂપે આવી જાય છે. વિધિ વ્રતો જ્ઞાન અને ભક્તિની અભિવૃદ્ધિ કરે છે. વ્રતો સ્ત્રી-પુરુષો માટે પારા જેવા છે. પારો પચે નહિ તો આખા શરીરમાં ફૂટી નીકળે. વ્રત દરમિયાન આત્મધર્મ સાથે દેહધર્મ બજાવવો જોઈએ. શરીરને વસ્ત્ર ઢાંકે છે, તેમ આત્માને વાસના ઢાંકે છે. આ વાસનાનું આવરણ દૂર કરવાથી પ્રભુ પ્રાપ્તિ થાય છે.

જન્માષ્ટમીનું વ્રત કરવાથી સર્વ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. આ સિદ્ધિઓ યોગમાર્ગની નહિ, પણ ભક્તિમાર્ગની છે. અષ્ટસિદ્ધિની પ્રાપ્તિ માટે જન્માષ્ટમીનું વ્રત એ અમોઘ સાધન છે. પ્રેમી અને પ્રેમાસ્પદે પ્રભુ પ્રત્યે આ દિવસે પ્રીતિની ગાંઠ બાંધવી જોઈએ. દેવકી-વસુદેવમાં વાત્સલ્યનું પરમ માધુર્ય પાછું આવે છે. અદ્વૈત બુદ્ધિ જાગૃત થાય છે અને માહાત્મ્ય જ્ઞાન ભૂલાઈ જાય છે.

ભગવાન સાથે સંબંધ બાંધી શકે છે તે ઉત્તમ સાધક કે ઉત્તમ વ્રતધારી છે. આ સંબંધના ચાર ભાગ છેઃ દાસ ભાવ, વાત્સલ્ય ભાવ, મિત્ર ભાવ અને પ્રિયા-પ્રિયતમનો સંબંધ. ક્યારેક કરુણાનિધાન ભગવાન શ્રી કૃષ્ણ જીવનને અનુકૂળ બની જાય છે, આ એમની અસીમ કરુણા છે, કૃપા છે.

’વ્રત’ એ ભક્તિ માર્ગ છે. જ્ઞાનમાર્ગમાં તોડવાનું છે, છોડવાનું છે અને ભક્તિમાર્ગમાં બાંધવાનું છે. યશોદાજી વાત્સલ્યના માધુર્યમાં કૃષ્ણ જન્મને લીધે બંધાઈ ગયા છે. આ શરણાગતિ અને આત્મનિવેદન છે. ભગવાન લૌકિક દોરડાથી બંધાતા નથી, એ તો પ્રેમરૂપી દોરડાથી જ બંધાય છે. જે વ્રતીના અંતઃકરણમાં બ્રહ્મવાદ અને ભક્તિ સ્થિર હોય, જીવન-જગતને ભગવાનની દેન માને તે પરમ ભગવદીય છે. વ્રત-ઉપાસના ચિત્તને એકાગ્ર બનાવનારી અને ચિંતારૂપી ચિતાનો નાશ કરનારી છે. જેને વ્રતમાં શ્રદ્ધા છે, તેનું મન સ્થિર રહે છે. વિશ્વાસ એ માનવ અંતઃકરણની મૂર્તિ છે. વ્રતીના વિશ્વાસની યાત્રા શ્રદ્ધા સુધી જવી જોઈએ. શ્રદ્ધા અને વિશ્વાસનો જો સુભગ સમન્વય થાય તો જ વ્રત પરિપૂર્ણ થાય છે. વ્રત-ઉપાસનામાં ચિત્તવૃત્તિ સ્થિર બને તેનું નામ શ્રદ્ધા. આ શ્રદ્ધાને સ્થિર રાખવા સંયમ જોઈએ, તપ જોઈએ. ભક્તિ એ વ્રતની સમૃદ્ધિ છે.

શ્રાવણ વદ આઠમ, અભિજિત નક્ષત્ર, બુધવાર, ભગવાન શ્રી કૃષ્ણની જન્મ જયંતી. શ્રી કૃષ્ણે આજે અધર્મનો નાશ કરી ધર્મની સ્થાપના કરવા, પાપીઓનો સંહાર કરી, પુણ્યાત્માઓની રક્ષા કરવા, અસુરોનો ધ્વંસ કરી, ગાયો, બ્રાહ્મણો અને સંત-મહાત્માઓનું પાલન કરવા જન્મ ધારણ કર્યો હતો.

આ પરમ પવિત્ર દિવસે જન્માષ્ટમીનો ઉત્સવ, રાત્રે જાગરણ અને કૃષ્ણ કીર્તન કરતાં-કરતાં જન્મદિવસની ઉજવણી દરેક દેવમંદિરોમાં કરવામાં આવે છે. અર્ચન-પૂજન, ભૂદેવો અને સંતોનું સન્માન, દાન-દક્ષિણા વગેરે સાથે વ્રત કરવાથી શ્રી કૃષ્ણની કૃપા પ્રાપ્ત થાય છે, અને સુખ-શાંતિ ભર્યું જીવન જીવી અંતે વૈકુંઠમાં વાસ મળે છે.

પૂર્વે યદુના વંશમાં શ્રી કૃષ્ણનો જન્મ થયેલો. શ્રી શુકદેવજી કહે છેઃ - કૃષ્ણ પોતે જ ભગવાન છે. દેવાધિદેવ ભગવાન શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનાં વ્રત ઉપવાસ કરવાથી પ્રસન્ન થાય છે. આ વ્રત સુખ, સમૃદ્ધિ, સંપત્તિ આપનારૂં છે. આ વ્રત સૌ પ્રથમ રાજા યુધિષ્ઠિરે કર્યું હતું. આ વ્રતના પ્રભાતે તેઓ પુનઃ રાજવૈભવ પ્રાપ્ત કરી શક્યા હતા.

# સોમનાથ મંદિર ખાતે દર્શનાર્થીઓ માટે વિનામુલ્યે આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો



(મીનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)
પ્રભાસ પાટણ તા.૬

વિશ્વપ્રસિધ્ધ સોમનાથ મંદિરે પવિત્ર શ્રાવણ માસના દિવસોમાં સોમનાથ ટ્રસ્ટ માર્ગદર્શન હેઠળ સ્વ.સોની હીરાબહેન પ્રભુદાસભાઈ સતીકુંવર સેવા ટ્રસ્ટ દ્વારા મેડીકલ આરોગય વિનામુલ્યેનિદાન કેમ્પ યોજાયેલ. જેમાં પોલીસ સ્ટાફ યાત્રીકો અને સોમનાથમાં ચાલતી પ્રભાસ ખંડ કથાના શ્રોતાઓએ લાભ લીધેલ.


આશરે ૭૬૮થી પણ વધુ દર્શનાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. જેમાં સીડીએલ, સીવીલ હોસ્પિટલ ટીમે સેવા આપેલ. સતીકુંવર સેવા ટ્રસ્ટ અધ્યક્ષ પાયલબહેન તથા સોની યોગેશભાઈ સતીકુંવરે આ આયોજન કર્યુ હતું.

## સોમનાથ-પ્રભાસ તિર્થભૂમિ અનેકો શિવાલયો-આસ્થા સ્થળો-સિધ્ધ તપસ્વીઓના તપથી પાવનમય બનેલી છે

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)
પ્રભાસ પાટણ તા.૬

સોમનાથ-પ્રભાસ પાટણના વિદ્વાન-કર્મકાંડી પંડિત નાનુભાઈ પ્રચ્છકના જણાવ્યા અનુસાર પ્રભાસ તિર્થ વિસ્તાર વિસ્તૃત છે અને જેમાં અનેક કુંડો, શિવાલયો, આસ્થા સ્થળો અને પ્રાચીન પૌરાણિક-ધાર્મિક કથાઓ સાથે જોડાયેલા દેવમંદિરો આવેલાં છે. ભરતખંડના ચક્રવર્તી રાજા પૃથુરાજાએ આ તિર્થમાં પિતૃશ્રાધ્ધ કરેલ તેવી દર્શનીય જગ્યા પ્રાચી પાસે કોડીનારના ઘાંટવડ ખાતે આવેલી છે. આ ઉપરાંત કુબેરેશ્વર, દેલવાડા આસપાસ કુંડો, ભુતનાથ મહાદેવ, અંજાર પાસે સિધ્ધેશ્વર મહાદેવ, તુલસીશ્યામ, પ્રાચી સરસ્વતી નદી કિનારે બધેશ્વર સિધ્ધનાથ, આજોઠા પાસે ગંગનાથ મહાદેવ આ બધા સ્થળોનો પૌરાણિક ઈતિહાસ અને પ્રમાણ છે અને આ ભુમિમાં જપ-તપ અને ભક્તિ કરવા અનેક ઋષિ મુનીઓ-ભક્તો આવેલા છે. અને સ્વયંભુ સાક્ષાત અહીં ભગવાન બિરાજમાન છે તેવો ગ્રંથો-પુરાણોમાં પણ ઉલ્લેખ છે.

# મથુરાથી મહારાષ્ટ્ર સુધી, ભારતના કયા ભાગમાં કેવી રીતે થાય છે જન્માષ્ટમીની ઉજવણી?



જન્માષ્ટમી પર્વની ધૂમ દેશથી લઈને વિદેશમાં પણ જોવા મળે છે. ભારતના વિવિધ રાજ્યોમાં તેને અલગ-અલગ રીતે ઉજવવામાં આવે છે. જોકે કેટલાંક નિયમો અને રીત-રિવાજોમાં સમાનતાઓ પણ હોય છે. પરંતુ ક્ષેત્ર અને વિસ્તાર અલગ હોવાના કારણે જન્માષ્ટમીના પર્વમાં અંતર જોવા મળે છે.

જન્માષ્ટમીનો તહેવાર ભગવાન કૃષ્ણના જન્મોત્સવ તરીકે ઉજવવામાં આવે છે. આ વખતે જન્માષ્ટમી ૧૯ ઓગસ્ટ ૨૦૨૨ એટલે કે શુક્રવારના દિવસે છે. જન્માષ્ટમીના દિવસે લોકો મંદિરમાં પૂજા માટે જાય છે. ઉપવાસ રાખે છે અને દહી હાંડીનો વિશેષ ઉત્સવ ઉજવીને જન્માષ્ટમીના પાવન તહેવારનો આનંદ ઉઠાવે છે. ભારતના અલગ-અલગ ભાગમાં જન્માષ્ટમીના પર્વની અત્યંત ધામધૂમથી અને અલગ રીતે ઉજવણી કરવામાં આવે છે. જન્માષ્ટમીના પ્રસંગે ક્યાંક કૃષ્ણ લીલાનું આયોજન કરવામાં આવે છે તો ક્યાં દહી હાંડીના આયોજનની ધૂમ જોવા મળે છે. ક્યાંક જન્માષ્ટમી પર ભગવાન કૃષ્ણના બાળ સ્વરૂપની વિશેષ પૂજા કરવામાં આવે છે. અને ભંડારાનું આયોજન પણ કરવામાં આવે છે.

ભારતના વિવિધ ભાગમાં કઈ રીતે કરાય છે જન્માષ્ટમીની ઉજવણીઃ

૧. ઉડુપીઃ

ઉડુપી કર્ણાટકમાં આવેલું છે. ઉડુપીમાં રહેલ શ્રી કૃષ્ણ મઠ ભગવાન કૃષ્ણને સમર્પિત છે. અહીંયા ભગવાન કૃષ્ણના બાળરૂપને અત્યંત ખૂબસૂરત રીતે સજાવવામાં આવે છે. જન્માષ્ટમીના પાવન તહેવારે અહીંયા ભગવાન કૃષ્ણની બાળ લીલાઓનું પ્રદર્શન કરવામાં આવે છે.

૨. વૃંદાવન અને મથુરાઃ

વૃંદાવન અને મથુરા ભગવાન કૃષ્ણની બાળ લીલાઓનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. અહીંયા ભગવાન બાળ કૃષ્ણની બાળ લીલાઓની ઝાંખી કાઢવામાં આવે છે. વિવિધ મંદિરોને ફૂલોથી સજાવવામાં આવે છે. તો વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે દેશ-વિદેશના અનેક પ્રવાસીઓ અને ભક્તો આવે છે.

૩. દ્વારકાઃ

દ્વારકાને ભગવાન કૃષ્ણની નગરી કહેવામાં આવે છે. દ્વારકા નગરીને ભગવાન કૃષ્ણે જ વસાવી હતી. આથી તેમને દ્વારિકાધીશ પણ કહેવામાં આવે છે. જન્માષ્ટમીના પ્રસંગે દ્વારકાના મંદિરોને ફૂલોથી સજાવવામાં આવે છે. ભગવાન કૃષ્ણની પ્રતિમાઓ પર સ્વર્ણ આભૂષિત અર્પણ કરવામાં આવે છે. જન્માષ્ટમીના પ્રસંગે આખા ગુજરાતની મહિલાઓ ઉપવાસ રાખે છે. સોસાયટીઓ અને મંદિરોમાં ખાસ ઉજવણીની તૈયારીઓ કરવામાં આવે છે. રાત્રે ૧૨ વાગે કૃષ્ણ જન્મોત્સવ કરાવવામાં આવે છે અને દહીં હાંડી ફોડીને તહેવારની ઉજવણી કરે છે.

૪. મહારાષ્ટ્રઃ

મહારાષ્ટ્રમાં ગોકુલાષ્ટમી સેલિબ્રેટ કરવાની અલગ શૈલી છે. અહીંયા રસ્તા પર ગીતો વગાડીને મટકીમાં દહીં, છાશ, માખણ ભરીને દહીં હાંડીનો તહેવાર ઉજવવામાં આવે છે. અહીંયા ઉજવવામાં આવતી ગોકુલાષ્ટમીનો તહેવાર કૃષ્ણને દહીં, છાશ પ્રત્યેના પ્રેમને દર્શાવે છે.

# કર્મયોગી તરીકે રાષ્ટ્રને સમર્પિત થનાર કોઈપણ ઉંમરના વ્યક્તિઓ યુવાન છે : એસ.પી. હર્ષદ મહેતા




## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા "G20 and PM's Vision: Young India, Strong India" થીમ ઉપર માહિતીપ્રદ સેમીનાર યોજાયો

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા **G20 and PM's Vision: Young India, Strong India"** થીમ ઉપર માહિતીપ્રદ સેમીનાર યોજાયો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે જૂનાગઢ જિલ્લા પોલીસ વડાશ્રી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, ૪૫ વર્ષના કે ૬૦ વર્ષ સુધીના જ વ્યક્તિઓ યુવાન ન ગણાય, પરંતુ કર્મયોગી તરીકે રાષ્ટ્રને સમર્પિત થનાર કોઈપણ ઉંમરના વ્યક્તિઓ યુવાન છે. એસ.પી.એ વધુમાં કહ્યું હતું કે, વિશ્વને ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસા વિષે સમજાવવાની ઉત્તમ તક એટલે જી૨૦. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો હકારાત્મક દ્દષ્ટિકોણ, ડીજીટલ ઈન્ડિયા, ફીટ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત, સ્વચ્છ ભારત, યોગા વિગેરે સાથેના માનવીય અભિગમે ભારતને સમગ્ર વિશ્વમાં તાકાતવર બનાવ્યું છે. એસ.પી. હર્ષદ મહેતાએ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરીરૂપે રસપ્રદ સંવાદમાં સ્પર્ધાત્મક પરીક્ષા સહીત વિવિધ મુદ્દે ઉપયોગી કારકિર્દી માર્ગદર્શન આપ્યું હતું. યુવાધનને પોતાની સમગ્ર શકિતને એક જ લક્ષ્ય તરફ કેન્દ્રિત કરીને સફળતા પ્રાપ્ત કરવા આહવાન કર્યું હતું. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો.) ચેતનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતંન કે, હાલમાં કાયદો વ્યવસ્થાની સાથે સાથે હાલમાં પોલીસ વિભાગની વિવિધ સામાજિક જવાબદારીઓ પણ વધી છે. ત્યારે રાષ્ટ્રની શાંતિ અને સુખાકારી માટે યુવાનો પોલીસ વિભાગ સાથે જોડાઈ હકારાત્મક યોગદાન આપે તેવા પ્રોજેક્ટ્સ યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે. યુનિવર્સિટીના કુલસચિવ ડો.ડી.એચ. સુખડીયાએ કુલપતિનું સ્વાગત કર્યું હતું.

યુનિવર્સિટી ગાનથી શરૂ થયેલ સેમિનારમાં મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત અંગ્રેજી ભવનના અધ્યક્ષ પ્રો.(ડો.) ફિરોઝ શેખે કર્યુ હતુ અને અંતમાં આભારવિધિ સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રો.(ડો.) જયસિંહ ઝાલાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન એન.એસ.એસ. કોઓર્ડીનેટર અને યુનિવર્સિટીના ૨૨૦ ના નોડલ ઓફિસર ડો.પરાગ દેવાણીએ કર્યું હતું. રાષ્ટ્રગીત સાથે સેમિનારનું સમાપન થયું હતું.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં ૬ દિવસની ડ્રોન ટ્રેનીંગ વિથ ડી.જી.સી.એ વિષય ઉપર તાલીમ કાર્યક્રમ યોજાયો

## જીલ્લા કલેકટરે વિદ્યાર્થીઓને ડ્રોન ક્ષેત્રમાં રહેલ ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા




જૂનાગઢ, તા.૬

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજના ફાર્મ મશીનરી અને પાવર એન્જીનીયરીંગ વિભાગ દ્વારા તા. ૪/૯/૨૦૨૩થી ૯/૯/૨૦૨૩ દરમ્યાન રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચ શિક્ષણ–આઈ.ડી.પી.(આઈ.સી.એ.આર.) સ્પોન્સર્ડ યોજના અંતર્ગત ડ્રોન ટ્રેનીંગ વિથ ડી.જી.સી.એ. સર્ટીફીકેસન વિષય ઉપર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.વી.પી. ચોવટિયાની પ્રેરણાથી વોકેશનલ ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ટ્રેનીંગના ઉદ્દઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ અનિલકુમાર રાણાવસિયાએ હાજરી આપી અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને ડ્રોનના મહત્વ વિષે અને ડ્રોનનો ઉપયોગ કૃષિ ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં બહોળા પ્રમાણમાં થઈ રહેલ છે તે વિષે વિગતવાર માહિતી આપી અને વિદ્યાર્થીઓને ડ્રોન ક્ષેત્રમાં રહેલ ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા. ડો.આર.બી.માદરીયા, સંશોધન નિયામક અને આઈ.ડી.પી. યોજનાના પી.આઈ. એ વિદ્યાર્થીઓને આ પ્રકારની ડ્રોન તાલીમ અને તાલીમના અંતે મળનાર ડ્રોન પાયલોટ લાયસન્સના મહત્વ વિષે જણાવેલ અને કૃષિ ઈજનેરીના વિદ્યાર્થીઓને ડ્રોન ક્ષેત્રમાં સ્કીલડેવલપમેન્ટ દ્વારા કૃષિ વિકાસમાં અગત્યનો ફાળો આપવા જણાવેલ. કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજના પ્રિન્સીપાલ ડો.પી.એમ. ચૌહાણએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં આઈ.ડી.પી. યોજના અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ વિવિધ પ્રવુતિઓ જેવીકે રાષ્ટ્રીય તાલીમો, વર્કશોપ વગેરે વિષે વિગતવાર જણાવેલ વધુમાં તેમણે જણાવેલકે, આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૫૭ વિદ્યાર્થીઓ તેમજ ૧ પ્રાધ્યાપક વિશ્વની નામાંકિત સંસ્થાઓમાં આંતરરાષ્ટ્રીય તાલીમ લીધેલ છે તેમજ હાલ ૨૬ વિદ્યાર્થીઓ અને ૦૪ પ્રાધ્યાપકો આંતરરાષ્ટ્રીય તાલીમ લઈ રહયા છે. આ ડ્રોન ટ્રેનીંગ ભારત સરકારના ડી.જી.સી.એ. દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાના જાણીતા પ્રોફેશનલ ટ્રેનરો દ્વારા તાલીમ આપવામાં આવશે અને તાલીમના અંતે વિદ્યાર્થીઓને ડ્રોન પાયલોટનું લાયસન્સ મળશે. ઉદ્દઘાટન સમારોહ બાદ કલેકટરશ્રી અને મહાનુભાવોએ કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજમાં આઈ.ડી.પી યોજના અંતર્ગત વિકસાવવામાં આવેલ આર્ટીફીસિયલ ઈન્ટેલિજન્સ લેબોરેટરીઓની મુલાકાત લીધી હતી અને કલેકટરે વિદ્યાર્થીઓને અનુલક્ષીને બનવવામાં આવેલ સુવિધાઓને બિરદાવી હતી. આ ટ્રેનીંગનું સુનિયોજિત આયોજન કોલેજના વિભાગીય વડા ડો. ટી.ડી.મહેતા તેમજ ટ્રેનિંગનાં કન્વીનરો ડો.એ.એલ.વાઢેર, પ્રો.ડી.બી.ચાવડાએ કર્યું છે. જેમાં કોલેજના પ્રિન્સીપાલ ડો.પી.એમ.ચૌહાણ એ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢમાં ડો.સુભાષ મહિલા કોલેજમાં ડો.રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે શિક્ષકદિનની ઉજવણી કરાઈ




## વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો, ગીત, ભજનો રજૂ કર્યા

જૂનાગઢ, તા.૬

મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને ભારતરત્નથી સન્માનિત ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે સમગ્ર દેશમાં ૫ સપ્ટેમ્બર રાષ્ટ્રીય શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સમાજનું ઘડતર કરવામાં અને સમાજને સુરક્ષિત રાખવામાં શિક્ષકના બહુ મહત્વનો ફાળો હોય છે. દેશના આધાર સ્તંભ, પાયા સમાનાગરિકોને તૈયાર કરનાર શિક્ષક લોકોના હર્દયમાં કાયમ રહે એ માટે આ દિવસની ઉજવણી મહત્વની છે. જૂનાગઢની ડો.સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.

વિદ્યાર્થી બહેનોનીસર્વધર્મ પ્રાર્થના બાદ કોલેજ આચાર્યશ્રી બલરામ ચાવડાએ વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષકની અગત્યતા સમજાવતા કહ્યું હતું કે, વર્ગખંડમાં શિક્ષકની ભૂમિકા ખૂબજ મહત્વની છે. કેમકે તેમની એક એક પળ વિદ્યાર્થીના જીવન સાથે જોડાયેલી હોય છે. શિક્ષક વિદ્યાર્થીના ઉમદા ભવિષ્યનો પ્રણેતા બની શકે છેઅનેતેના ધ્યેય સુધી પહોંચવાનો માર્ગબની શકે છે.

વધુમાં અનેક વિદ્યાર્થીને સ્ટેજ પૂરૂ પાડવામાં આવતા તેઓ મન મુકીને વરસ્યા હતા. કોઈએ ગીત ગાયા, તો કોઈકે ભજન તો કોઈએ પોતાના અનુભવો નિખાલસ હદયથી વર્ણવ્યા હતા. મોટાભાગના વિદ્યાર્થીએ પોતાના જીવન ઘડતર માતા જેવી જ ભૂમિકા શિક્ષકની હોવાનું જણાવ્યુંહતું. આ કોલેજના અન્ય અધ્યાપકોએ તમામ વિદ્યાર્થીને આજના દિવસે કોઈને કોઈ પ્રવૃત્તિ સાથે જોડી ખરા અર્થમાં શિક્ષક દિવસની ઉજવણી કરી વિદ્યાર્થીના આત્મવિશ્વાસ વધારી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન કુ.હેતવી સુદ્રાએ કર્યું હતું તથા આ કાર્યક્રમમાં કુ.નેહા પંડિતે સુગમ ગીત રજુ કર્યા, કુ.કપિલા સોલંકીએ કોલેજનો પ્રથમ દિવસનો અનુભવ રજૂ કર્યો, અંકિતા સોલંકી સ્વઅનુભવ કહેલ તથા આફરીન માંડલિયાએ ગીત કું.પરી કાથડ અને કું.કલુ કાથડ એ ભજન ગાય સહુને ડોલાવ્યા હતા. કાર્યક્રમમાં આભારદર્શન આયુષી બુલચંદાણીએ કરી હતી. આ કાર્યક્રમનું સુંદર સંયોજન ડો.પ્રદ્યુમ્ન ખાચર તેમજ ડો.હીરાબેન રાજવાણીએ કર્યું હતું. આ કાર્યક્રમના આયોજન બદલ સંસ્થાના ટ્રસ્ટી જવાહરભાઈ ચાવડાએ સહુને અભિનંદન પાઠવ્યા હતા.

# ખંભાળિયા તાલુકા પંચાયતના હોદ્દેદારોની ચૂંટણી તારીખ ૧૩ના રોજ યોજાશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયા તાલુકા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી તા.૧૩ના રોજ કરવામાં આવશે. ખંભાળિયા તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી ૨૦૨૧માંથઈ હતી. જેની પ્રથમ સભા તા.૧૭ માર્ચ ૨૦૨૧ના રોજ યોજાઈ હતી. ગુજરાત પંચાયત અધિનિયમ મુજબ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની મુદત અઢી વર્ષની ઠરાવવામાં આવી છે. જે અન્વયે ખંભાળિયા તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખની અઢી વર્ષની મુદત તા.૧૬ સપ્ટેમ્બરના રોજ પુર્ણ થાય છે. બાકી રહેતી મુદત માટે વર્તમાન હોદ્દાની મુદત પુરી થતા પહેલા ૩૦ દિવસમાં નવા હોદ્દેદારોની ચૂંટણી કરવા માટે તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની બેઠક બોલાવવાની થાય છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી માટે ખાસ બેઠક ખંભાળિયાની તાલુકા પંચાયત કચેરીના સભાખંડ ખાતે બુધવાર તારીખ ૧૩ ના રોજ સાંજે ચાર વાગ્યે નક્કી કરવામાં આવી છે. ઉમેદવારી પત્રો તાલુકા પંચાયતના સેક્રેટરીને તા.૧૨ના રોજ તેમની કચેરીમાં અથવા મદદનીશ તાલુકા વિકાસ અધિકારીને બેઠકની તારીખથી તુરત જ અગાઉની તારીખે એટલે કે તા.૧૨ના દિવસે સવારના ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી પહોંચાડવાના રહેશે. ઉમેદવારી પત્રનો નમૂનો કામકાજના કોઈપણ દિવસે, કચેરીના સમય દરમ્યાન જે-તે કચેરીમાં મળી શકશે. ઉમેદવારી પત્રોની ચકાસણી સદરહુ કચેરીમાં મંગળવાર તારીખ ૧૨ ના રોજ બપોરે ૨ વાગ્યે કરવામાં આવશે.

**દ્વારકા તાલુકા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી માટે તા.૧૩મી**

દ્વારકા તાલુકા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખની તા.૧૩ના રોજ ચુંટણી કરવામાં આવશે. દ્વારકા તાલુકા પંચાયતની વર્ષ ૨૦૨૧ ની સામાન્ય ચુંટણી બાદ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની અઢી વર્ષની મુદત તા.૧૬ના રોજ પુર્ણ થતી હોય, બાકી રહેતી મુદત માટે પ્રમુખ, ઉપપ્રમુખના હોદ્દાની મુદત પુરી થતા ચૂંટાયેલા સભ્યોની બેઠક બોલાવવાની થાય છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી માટે ખાસ બેઠક બોલાવવાની બુધવાર તા.૧૩ના રોજ સાંજે ૪ વાગ્યે દ્વારકા તાલુકા પંચાયત કચેરીના સભાખંડ નક્કી કરવામાં આવી છે. ઉમેદવારી પત્રનો નમૂનો કામકાજના કોઈપણ દિવસે, કચેરીના સમય દરમિયાન આ કચેરીમાં મળી શકશે. ઉમેદવારી પત્રોની ચકાસણી દ્વારકા કચેરીમાં તા.૧૨ના રોજ બપોરે ૨ વાગ્યે કરવામાં આવશે.

# શ્રીમતિ આર.એસ. કાલરિયા પ્રાયમરી સ્કુલ, અંગ્રેજી માધ્યમના બાળકો દ્વારા શિક્ષક દિવસ ઉજવાયો

જૂનાગઢ તા. ૬

ભારતમાં સમગ્ર શિક્ષક, જગતાને ગૌરવવિંત કરનાર, અનોખા શિક્ષક, ભારતરત્ન, ઉત્તમ લેખક તેમજ રાષ્ટ્રપતિ એવા ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનનાં જન્મદિવસ તા.૫ મી સપ્ટેમ્બરને 'શિક્ષક દિવસ' તરીકે ઓળખાય છે તેમજ ઉજવાય છે. દરમ્યાન પટેલ કેળવણી મંડળ જૂનાગઢ સંચાલિત શ્રીમતિ આર.એસ. કાલરીયા પ્રાયમરી સ્કુલના અંગ્રેજી માધ્યમના નર્સારીથી ધો.૮ સુધીના બાળકો દ્વારા શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

પરંપરાગત ઉજવણીમાં ધો.૮ના બાળકોએ આ દિવસે અલગ અલગ શિક્ષક તથા શિક્ષિકાઓની ભૂમિકા ભજવીને વર્ગખંડોમાં વિવિધ વિષયો ઉપર બાળકોને હોંશભેર ભણાવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ સી.એ. સાવજીભાઈ મેનાપરા, ટ્રસ્ટી શિરીષભાઈ સાપરીયા, એકેડેમીક ઈન્ચાર્જ ડો.પી.આર. ગોધાણી, સંસ્થાના અન્ય હોદેદારો તેમજ કેમ્પસ ડાયરેકટર ડો.દિનેશભાઈ ડઢાણીયા, એકેડેમીક ડેપ્યુટી ડાયરેકટર નિરજભાઈ વાછાણી, પ્રિન્સીપાલ આસ્થાબેન નાવાણીએ વર્ગખંડમાં અવલોકન કરીનો આ એક દિવસના શિક્ષકો-શિક્ષિકાઓની કામગીરીને બિરદાવેલ અને તેમના ઉજજવળ ભવિષ્યની શુભકામના પાઠવી હતી.

# ઉના ખાતે આવેલ મહાકાલેશ્વર મહાદેવ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૬



ઉના શહેરના રક્ષક દેવ અને ઈષ્ટદેવ મહાકાલેશ્વર મહાદેવનું પ્રાચીન અને પૌરાણિક મંદિર આવેલ છે જેમાં શ્રાવણ માસ દરમ્યાન મંદિરમાં દીપમાળા, લઘુરૂદ્ર, શિવજીને વિવિધ શૃંગાર દર્શન, ઘીની મહાપૂજા, હોમાત્મક લઘુરૂદ્ર, યોજાય છે અને છેલ્લા આઠ મહિનાથી દર માસની વદ તેરસ શિવરાત્રીના દિવસે વહેલી સવારે ભસ્મ આરતી યોજવામાં આવે છે. આ મંદિરના સાનિધ્યમાં આગમી શીતળા સાતમ અને જન્માષ્ટમી નિમિત્તે સ્વયંભૂ લોક મેળો યોજાશે. જેમાં શહેર અને તાલુકાભરમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે અને જન્માષ્ટમીની ઉજવણી સાંજે મહા આરતી, દીપમાળા, રાત્રે મટકી ફોડ કાર્યક્રમ અને વાસુદેવ નંદ મહોત્સવ યોજાશે. તમામ ભકતોને પધારવા મંદિરના પૂજારીએ જાહેર નિમંત્રણ આપવામાં આવેલ છે.

# • કંપની સમાચાર •

## જીવણરામ શીયોદત્તરાય ઈન્ડસ્ટ્રીઝ લિ.નો ૧૭.૦૭ કરોડનો એસએમઈ આઈપીઓ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સબસ્ક્રીપ્શન માટે ખુલશે

**પ્રારંભિક ઓફરમાં ૭૪,૨૨,૦૦૦નો નવો ઈશ્યુ રૂા.ની નિશ્ચિત કિંમતે વેચાણ માટે કોઈ ઓફર (ઓએફએસ)નો સમાવેશ થશે. ૨૩/- પ્રતિ ઈક્વિટી શેર**

ઈન્ડસ્ટ્રીયલ ગાર્મેન્ટ્સ અને સેફટી ગ્લવ્ઝના ઉત્પાદનના બિઝનેસમાં સંકળાયેલ તથા વૈશ્વિક અને ઘરેલું સ્તરે પર્સનલ પ્રોટેકટીવ ઈક્વિપમેન્ટ (પીપીઈ) માર્કેટના અગ્રણી પ્લેયર જીવણરામ શીયોદત્તરાય ઈન્ડસ્ટ્રીયલ લિ.નો એમએમઈ આઈપીઓ સબસ્ક્રીપ્શન માટે ૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ શુક્રવારે ખુલવા જઈ રહયો છે. કાર્યકારી મુડીની જરૂરીયાતને પુરી કરવા, કંપની દ્વારા લેવામાં આવેલી કેટલીક જામીનગીરી વગરની લોનની પરત ચુકવણી કરવા, જનરલ કોર્પોરેટ હેતુ માટે અને પ્રોસ્પેકટ મુજબ કેટલાક ખર્ચાઓને પહોંચી વળવા કંપનીની યોજના આ એમએમઈ આઈપીઓ મારફત રૂા.૧૭.૦૭ કરોડ એકઠા કરવાની છે. આ પબ્લીક ઈશ્યુને સબસ્કાઈબ કરવાની છેલ્લી તા.૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ છે. જીવણરામના આ ઈશ્યુને એફિનીટી ગ્લોબલ કેપિટલ માર્કેટ પ્રાઈવેટ લિમીટેડ મેનેજ કરી રહી છે. જે સેબીમાં નોંધણી પામેલી કેટેગરી ૧ મર્ચંટ બેકર છે. કંપનીના શેર એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ ઉપર સુચીબધ્ધ થશે. કેમિયો કોર્પોરેટ સર્વિસીઝ લિમીટેડ એ આ ઓફરના રજીસ્ટ્રાર છે અને ગિરીરાજ સ્ટોક બ્રોકીંગ પ્રા.લિ.એ આ ઈશ્યુના માર્કેટ મેકર છે. તો શ્રીમતિ અનુપમા પ્રકાશ મુખ્ય નાણાંકીય અધિકારી છે. આ ઈનિશીયલ પબ્લીક ઓફરીંગમાં ૭૪,૨૨,૦૦૦નો નવો ઈશ્યુ અને રૂા.ની નિશ્ચીત કિંમતે વેચાણ માટે કોઈ ઓફર (OFS) નો સમાવેશ થશે. ૨૩/ પ્રતિ ઈક્વિટી શેર, જે કુલ મળીને રૂા.૧૭.૦૭ કરોડ થવા જાય છે. ઈક્વિટી શેરનું અંકિત મૂલ્ય શેર દીઠ રૂા.૧૦ છે અને ઈશ્યુની કિંમત ઈક્વિટી શેરના અંકિત મૂલ્યના ૨.૩ ગણી છે. અરજી ઓછામાં ઓછા ૬૦૦૦ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૬૦૦૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં હોવી જોઈએ જે અરજી દીઠ રૂા. ૧.૩૮ લાખ થવા જાય છે.

# ગુરૂવારે જન્માષ્ટમી

શ્રાવણ વદ આઠમને ગુરૂવાર તા. ૭/૯/૨૦૨૩ના દિવસે જન્માષ્ટમી છે. ભારતના બધા જ પ્રમુખ કૃષ્ણ મંદિરમાં તા.૭/૯/૨૦૨૩ ગુરૂવારનાં દિવસે જ કૃષ્ણ જન્માષ્ટમી ઉજવાશે.

એક માન્યતા પ્રમાણે કૃષ્ણ ભગવાનનો જન્મ આ જન્માષ્ટમીથી ૫૨૪૯ વર્ષ પહેલા થયેલો એટલે કે આ વર્ષે ૫૨૪૯ મી જન્માષ્ટમી ઉજવાશે. વર્ષમાં ચાર મહાશિવરાત્રી આવે છે. કાલરાત્રી એટલે કાળી ચૌદશની રાત, મહારાત્રી એટલે મહાશિવરાત્રી, મોહરાત્રી એટલે જન્માષ્ટમીની રાત્રી, દારૂણરાત્રી એટલે હોળીની રાત્રી. આ ચાર મહારાત્રી દરમ્યાન કરેલ પૂજા-પાઠ, અનુષ્ઠાન તુરંત ફળદાયી બને છે. આમ પુરાણ પ્રમાણે પણ જન્માષ્ટમીની રાત્રીનું મહત્વ વધારે રહેલું છે. જન્માષ્ટમીની રાત્રે ૧૨ વાગ્યે શ્રી કૃષ્ણ ભગવાનનું પૂજન કરવું. એક બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી ચોખાની ઢગલી કરી દિવો કરી તેનાં ઉપર બાળ ગોપાલ શ્રીકૃષ્ણ ભગવાનની છબી પધરાવવી. આગળ એક પાત્રમાં ભગવાનને રાખી અને જળ પંચામૃત, સાકરવાળા દુધથી અભિષેક કરવો ત્યારબાદ ભગવાનને બાજોઠ ઉપર રાખી વસ્ત્ર મુકુટ પહેરાવી અને ચંદન ચોખા કરી ફુલ અર્પણ કરી અબીલ-ગુલાલ ચડાવવા, નૈવેદ્યમાં મીઠાઈ માખણ ધરવું અથવા દહી ધરી શકાય, આરતી કરવી, પગે લાગવું આમ ઘરનાં સભ્યો ભેગા મળી શ્રી કૃષ્ણ ભગવાનનું પૂજન કરવાથી ઘરમાં શાંતિ મળે છે અને સંપ રહે છે. તે ઉપરાંત જન્માષ્ટમીની રાત્રે ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ મંત્રનો જપ કરવાથી માનસીક શાંતિ મળે છે. ૧ અથવા ૧૧ માળા કરવી. શ્રી કૃષ્ણ ભગવાનની જન્મ તિથી આઠમ અને રાત્રીનાં આઠમા પહેરમા તથા વિષ્ણુ ભગવાનનાં આઠમાં અવતાર તરીકે થયેલો. જે લોકોને જીવનમાં કામ કર્યા છતાં યશ નમળતો હોય તો જન્માષ્ટમીની રાત્રે શ્રીકૃષ્ણ ભગવાનની છબી સામે દેવો અવા અગરબતી કરીઅને ૐ કલીમ્ કિષ્ણાય નમઃ મંત્રની ૧૧ માળા કરવાથી લાભ અને યશ મળશે. જન્માષ્ટમીનાં દિવસે એકટાણું અથવા ઉપવાસ જરૂર રહેવો.

- શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

# ઉના શહેરમાં પ્રધાનમંત્રી વીમા યોજના હેઠળ એસબીઆઈ દ્વારા ૨ લાખનો ચેક આપવામાં આવ્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૬



ઉના શહેરના રહેવાસી અને એસબીઆઈ ઉના બ્રાન્ચના ખાતે દારના વિમાધારક સ્વ.છગનભાઈ બાબુભાઈ વાજાનું તા.૨૯/૦૬/૨૦૨૩ના રોજ અવસાન થયેલું. સ્વ. છગનભાઈએ ઉના એસબીઆઈ ટાવર ચોક બ્રાન્ચમાં ખાતું હતું અને તેમણે પ્રધાનમંત્રીનો યોજનાનો વિમો ઉતારાવેલ હતો. તાજેતરમાં જ તેમના વારસદાર લાભાર્થીને ૨ (બે) લાખ રૂપિયાનો ચેક એસબીઆઈ બેંકના બ્રાન્ચ મેનેજર બીજેન્દ્રકુમાર અને હિતેષભાઈ મહેતા દ્વારા અર્પણ કરવામાં આવેલ હતો અને લોકોને વીમા પ્રત્યે જાગૃત રહેવા અને જાણકારી મેળવી લેવા જણાવામાં આવેલ હતું.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ

# જૂનાગઢ શહેર -જીલ્લાના પ્રમુખનો તાજ પ્રફુલ ત્રિવેદીના શીર ઉપર

### છેલ્લા ત્રણ-ચાર દાયકાથી સંપુર્ણપણે સક્રિય રાજકીય-સમાજીક ક્ષેત્રમાંથી નિવૃતિ માણતા એક કાળના બાહુબલી મનાતા પ્રફુલ ત્રિવેદીનો રાજકીય-સામાજીક ક્ષેત્રમાં પુનઃપ્રવેશ શા માટે?

### જૂનાગઢ જ નહીં સમગ્ર ગુજરાતના ભાજપ અને બ્રહ્મસમાજના પીઢ મહિલા આગેવાન હેમાબેન આચાર્યએ આપેલા આશીર્વાદ







**મહાનગરમાં ફરતા-ફરતા**
ગોરધન પાઘડાર (સિનીયર પત્રકાર)

જૂનાગઢ તા. ૬

સર્વઉત્પતિ મનુષ્ય જાતિમાં સૌથી શ્રેષ્ઠ એવંમ્ મહત્વની પ્રથમ હરોળમાં જો કોઈ મનુષ્ય જાતિ હોય તો તે છે ‘બ્રાહ્મણ..’ આજે આપણે એક એવા ‘બ્રહ્મતેજ’ની વાત કરવાની છે કે છેલ્લા પાંચેક દાયકાથી સમસ્ત બ્રહ્મસમાજે ગુમાવી દીધેલું બ્રહ્મતેજ પુનઃ બ્રહ્મસમાજમાં સ્થાપિત કરીને પુર્વવત ભારતીય સંસ્કૃતિ-સનાતન હિન્દુ ધર્મને સમસ્ત બ્રહ્મસમાજને એક બ્રહ્મત્વના તાંતણે એવંમ્ એક સુત્રે બાંધીને સંગઠીત કરવાની દિશામાં એક કદમ આગળ ભરેલ છે અને તે છે છેલ્લા વીસેક વર્ષથી તમામ રાજકીય-સામાજીક અને આધ્યાત્મિક પ્રતિઓથી સંપુર્ણપણે પોતાના નિજ જીવનમાં નિવૃતિગાળો સુખ-શાંતિ અને સમાધાન સાથે પસાર કરી રહેલા પવિત્ર વામન ભગવાનના જન્મસ્થળ એવા વંથલીમાં જન્મ પામેલા એવા પ્રફુલભાઈ ત્રિવેદી..

પ્રફુલ ત્રિવેદીની જીવન ઝરમર લખવા નથી બેઠા. પરંતુ એક કાળમાં વંથલી જ નહીં સમસ્ત સૌરાષ્ટ્રમાં રાજકીય સામાજીક કહેવા કરતા એક યુવાકાળમાં બાહુબલી તરીકેની આગવી પ્રતિભા ધરાવનારા પ્રફુલ ત્રિવેદીના નામમાત્રથી ભલભલા ખેરખાં ગણાતા રાજકીય માથાઓ, માથાભારે અસામાજીક તત્વો, ગુંડાઓ, સમાજને રંજાડનારા તત્વો ધ્રુજતા અને કોઈપણ નાત, જાતના ભેદભાવ વગર તમામ સમાજના લોકોની સામાજીક સેવામાં ખડેપગે રહેનારા પ્રફુલ ત્રિવેદી પ્રથમ જનસંઘ અને બાદમાં ભાજપની વૈચારિક સિધ્ધાંતોને પ્રેરાયને સક્રિય રાજકારણમાં પા..પા.. પગલી કરેલ...

તે કાળમાં અત્ર, તત્ર અને સર્વત્ર કોંગ્રેસની બોલબાલા હતી. ભય, ભુખ અને ભ્રષ્ટાચારે પણ માજા મુકી હતી. સામાન્ય પ્રજા પણ બધી રીતે મુંઝારો અનુભવતી હતી. એવા સમયે શિવાજીની માફક બે ટટુઓ (નબળા ઘોડાઓ) લઈને ઔરંગઝેબ સામે લડત આપવાનો મનસુબો કરેલો તેમ પ્રફુલ ત્રિવેદીએ બે-ચાર, પાંચ કાર્યકરોના સહારે સક્રિય રાજકારણમાં પ્રવેશ કરીને જનતાની નિઃસ્વાર્થ સેવા કરીને ભાજપને જૂનાગઢ શહેર-જીલ્લામાં અનોખું સ્થાન આપવામાં આવેલ જે આજે જૂનાગઢ શહેર ભાજપ આયાતી આગેવાનો સાથે તાગડધીન્ના કરે છે તેના મુળમાં પ્રફુલ ત્રિવેદીની યુવાની નિડરતાના આભારી છે તે કહેવું કદાચ આજે ભલે વધારે પડતું સત્યને સ્વીકારવું જ પડે.!

કાળક્રમે પ્રફુલ ત્રિવેદી વય અને અનુભવે જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ ગંદા પ્રપંચી રાજકારણમાંથી ધીરે ધીરે પોતાની જાતને દુર ખસેડતા ગયા.. આજે સંપુર્ણ પણે સક્રિય રાજકારણથી ઘણા દુર છે તેમજ કોઈ પક્ષ સાથે પણ સક્રિય રીતે જોડાયેલા નથી. સંપુર્ણપણે પોતાના બ્રહ્મતેજના બળે આધ્યાત્મિક જીવન ગુજારી રહયા છે.

પરંતુ હવે વાત છે જૂનાગઢ શહેર-જીલ્લાના ‘બ્રહ્મતેજ’ની પ્રફુલ ત્રિવેદીના નિવૃતિકાળ પછી સમસ્ત સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજની સંગઠીત પાંખ કેટલાક એવા ‘પરશુરામી મનાતા અવતારો’ના હાથમાં ચાલ્યું જતા ધીરે ધીરે બ્રહ્મસમાજનું અસલ બ્રહ્મતેજ થવા લાગ્યુ.!

બ્રહ્મસમાજના કહેવાતા સંગઠનકર્તાઓ ખુદ બ્રહ્મતેજને ઝાંખપ પહોંચે તે રીતે બ્રહ્મસમાજના બની બેઠેલા આગેવાનો સંગઠનના બળ ઉપર એવા તો રાજકીય, સામાજીક અને આર્થિક લાભો ઉઠાવવા લાગ્યા કે બ્રહ્મતેજ નિસ્તેજ થવા લાગ્યું.

બ્રહ્મસામાજના હિતેચ્છુ આગેવાનો અને સંખ્યાબંધ યુવા તેજ પણ અત્યંત નારાજ હતું પણ કોણ કહે ‘સિંહ તારૂં મોઢું ગંધાય છે’ બિલાડીના ડોકે ઘંટ કોણ બાંધે? મતલબ કે સમસ્ત બ્રહ્મસમાજના સંગઠનમાં વર્ષોથી અડીંગો જમાવીને બેસી ગયેલાઓના હાથમાંથી બ્રહ્મસમાજને કઈ રીતે છોડાવવો?

આખરે બ્રહ્મસમાજના શાણા, સમજુ અને સમાજ પ્રત્યે હંમેશા ચિંતીત આગેવાનોએ સમસ્ત બ્રહ્મસમાજનું નિસ્તેજ પુનઃ પ્રકાશી શકે તે માટે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજની જૂનાગઢ જીલ્લાના સંગઠનની જવાબદારી સ્વીકારવા વિનંતી કરેલ. આખરે ત્રિવેદીનું યુવાની કાળનું અસલ બ્રહ્મતેજ જાગી ઉઠયું હોય તેમ બ્રહ્મસમાજના હિત-હિતાર્થે પુનઃ સક્રિય સામાજીક ક્ષેત્રમાં પ્રવેશ કરવાનો નિર્ણય લીધેલ જેને જીલ્લા-શહેરના સમસ્ત બ્રહ્મસમાજે આવકારીનો જૂનાગઢ શહેર -જીલ્લાના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરેલી છે.

પ્રફુલ ત્રિવેદીની આ નિમણૂંકને માત્ર બ્રહ્મસમાજે જ નહીં સમસ્ત વર્ણ-સમાજના આગેવાનોએ સહૃદય આવકારી અભિનંદનની વર્ષા વરસાવી છે. જૂનાગઢના જ નહીં સમગ્ર ગુજરાતના ભાજપના અને બ્રહ્મસમાજના પીઢ મહિલા અગ્રણી હેમાબેન આચાર્યએ પ્રફુલ ત્રિવેદીને હૃદયથી આશીર્વાદ આપેલ છે. પ્રફુલ ત્રિવેદીની બિનહરીફ વરણી થયાના સમાચારો વાયુવેગે પ્રસરી જતા તેમના જુના સાથી, જોગીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. એટલું જ નહીં પ્રફુલ ત્રિવેદીના યુવા કાળમાં તેમની સાથે સહકાર્યકર્તા તરીકે સાથ -સહકાર આપનારાઓને દિલથી યાદ કરેલા છે એટલું જ નહીં આ તકે ‘સૌરાષ્ટ્ર ભૂમિ’ દૈનિક જૂનાગઢને હૃદયથી યાદ કરીને પોતાની પ્રમુખ તરીકેની ફરજના શ્રીગણેશ કરે તે પહેલા રૂબરૂ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે આવીને સૌ પ્રથમ આ દૈનિકના આધ્યસ્થાપક કાર્તિકભાઈ ઉપાધ્યાયની પ્રતિકૃતિને વૈદિક મંત્રોચ્ચાર સાથે હૃદયથી શ્રધ્ધાંજલી આપીને હાલના તંત્રી તેમના સુપુત્ર અભિજીત ઉપાધ્યાયના સાહસને એટલે કે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનું ફોર કલર ઓપસેટ પ્રિન્ટીંગ શરૂ કરેલ છે તેનો બિરદાવી મંત્રોચ્ચાર સાથે આશીર્વચન પાઠવીને કાર્તિકભાઈ ઉપાધ્યાય અને તેમના દ્વારા આપવામાં આવેલા તમામ સાથ સાહકાર અને કેટલીક લડાયક અને શૌર્ય અખબારી પ્રસંગો અને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીતની નિડર કલમને પ્રફુલ ત્રિવેદીએ બિરદાવી હતી.

## સાતમ-આઠમના તહેવારોની રજાની મજા

# જૂનાગઢના ભવનાથના તીર્થક્ષેત્ર સહિત ફરવા લાયક સ્થળોએ પ્રવાસી જનતાનો ઘસારો

### ગિરનાર ઉપર બીરાજતા અંબાજી માતાજીના દર્શને, પૂજય દાતારબાપુના દર્શને અને ભવનાથના તીર્થ ધામો તેમજ ફરવા લાયક સ્થળોએ પ્રવાસી જનતાનો ભારે ઘસારો જોવા મળ્યો છે








(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

પવિત્ર શ્રાવણ માસ મધ્યાહને પહોંચી ગયો છે. રક્ષાબંધનના પર્વ બાદ આજે શીતળા સાતમનો તહેવાર મનાવવામાં આવી રહ્યો છે અને આવતીકાલે જન્માષ્ટમીનું પર્વ હોય અને ગામોગામ અને શહેરોમાં ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવને વધાવવા માટે તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે. એટલું જ નહી ઠેર-ઠેર શોભાયાત્રાનું પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. કૃષ્ણજન્મોત્સવ નિમિતે આકર્ષક ફલોટસ બનાવવામાં આવી રહ્યા છે અને કૃષ્ણ જન્મોત્સવની તૈયારીને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. આ દરમ્યાન સાતમ-આઠમના તહેવારોમાં ગુરૂ, શુક્ર, શનિ અને રવિ એમ ચાર દિવસની રજાનો મેળ પાડી દઈ સાતમ-આઠમના આ વેકેશનમાં ફરવા લાયક સ્થળોએ પ્રવાસી જનતાનો ભારે ઘસારો જોવા મળ્યો છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં સાતમ-આઠમના તહેવારોની ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો છે. મેઘરાજાએ લાંબા સમયનો વિરામ આપ્યો છે ત્યારે આ તહેવારોની ઉજવણીમાં લોકો ગુલતાન બન્યા છે. આજે સાતમ અને આવતીકાલે આઠમનું પર્વ ધામધુમથી મનાવવામાં આવશે. દરમ્યાન જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે બિરાજતા અંબાજી માતાજીના મંદિરે ભાવિકોનો પ્રવાહ દર્શનાર્થે ઉમટી પડયો છે. જયારે ઉપલા દાતારબાપુની જગ્યા ખાતે પૂજય દાતારબાપુના દર્શને પણ ભાવિક જનતા મોટી સંખ્યામાં ઉમટી પડી છે. ભવનાથ ખાતે બિરાજતા ભવનાથ મહાદેવ મંદિર તેમજ ધાર્મિક સ્થળોએ પણ પ્રવાસી જનતા ઉમટી પડી છે. આ ઉપરાંત જૂનાગઢ જીલ્લામાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળો તેમજ ફરવા લાયક સ્થળોએ ખાસ કરીને સાસણ, તુલસીશ્યામ, કનકાઈ માતાજી મંદિર સહિતના વિસ્તારોમાં પણ પ્રવાસી જનતા ઉમટી રહી છે. આ ઉપરાંત ગીર-સોમનાથ જીલ્લામાં સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના દર્શનાર્થે પણ ભાવિકોનો ઘસારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને પ્રવાસી જનતા માટે જૂનાગઢ શહેરમાં આવેલા ધાર્મિક સ્થળો, ભવાનાથ મહાદેવ મંદિર, દામોદર કુંડ, ભવનાથ તીર્થ ક્ષેત્ર, રોપવે સાઈટ તેમજ સાસણના સિંહ દર્શન માટે મોટી સંખ્યામાં પર્યટકો આવી રહ્યા છે અને તહેવારો દરમ્યાન શાંતિપુર્ણ વાતાવરણ રહે તે માટેના તંત્ર દ્વારા પણ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સાતમ-આઠમના તહેવારોનો ઉત્સાવપુર્વક મનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

## શિક્ષક દિન નિમિતે આલ્ફા હાઈસ્કુલના શિક્ષકોનું પોલીસ દ્વારા કરાયું બહુમાન



જૂનાગઢ તા.૬

આલ્ફા હાઈસ્કૂલના સંચાલક જી. પી. કાઠીની યાદી જણાવે છે કે, ગઈકાલે શિક્ષક દિન નિમિત્તે જુનાગઢ પોલીસ ખાતા દ્વારા આલ્ફા હાઈસ્કૂલના ટીચર્સનું પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ડી.વાય.એસ.પી. હિતેશ ધાંધલીયાએ ૫ મી સપ્ટેમ્બર શા માટે શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે ? તે અંગે આલ્ફા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને અને તમામ ટીચર્સને વિસ્તૃત માહિતી આપેલ હતી.

આ કાર્યક્રમમાં પીઆઈ એન.એ.શાહ, પીએસઆઈ કે.કે.મારૂ, પોલીસ કોન્સ્ટેબલ ચિરાગભાઈ વરૂ, ભાવસિંહભાઈ સિસોદિયા, ચંદ્રેશભાઈ નેના અને દિનેશભાઈ જીલડીયા ઉપસ્થિત રહયા હતા.

## પ્રાચીન ભજન સમ્રાટ લક્ષ્મણ બારોટે લીધી અંતિમ વિદાય



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

લક્ષ્મણ બારોટના ભાઈ દિપકભાઈએ જણાવ્યું હતું કે, મૂળ જામનગરના લક્ષ્મણ બારોટને નાનપણમાં માતાજી નિકળતા તેમણે દ્રષ્ટિ ગૂમાવી હતી. જોકે, ઈશ્વરે આંખોની શક્તિ જાણે શ્વરમાં સમાવી હોય તેમ માત્ર ૧૨ વર્ષની વયથી જ ભજન ગાવાનું શરૂ કર્યું હતું. ઈશ્વરે તેમને સુરીલા અવાજની ભેટ આપી હતી. જૂનાગઢમાં ૧૯૯૪થી શિવરાત્રિના મેળામાં તેમનો ઉતારો થતો હતો. લક્ષ્મણ બારોટના ગુરૂ નારાયણ સ્વામી અને કાનદાસ બાપુ હતા. જ્યારે ઓસમાણ મીર, કિર્તિદાન ગઢવી, બિરજુ બારોટ વગેરે લક્ષ્મણ બારોટને ગુરૂ માનતા હતા. ૬૮ વર્ષની વયે શ્રાવણના ત્રીજા સોમવારે અનુષ્ઠાન કરતા કરતા તેમનો જીવ શિવમાં મળી ગયો હતો. તેઓ ૧ પુત્ર, ૪ દિકરીને વિલાપ કરતા છોડી ગયા છે. ઝઘડીયા તાલુકાના કૃષ્ણપુરી ગામે તેમનો આશ્રમ આવેલ છે જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરાશે.

## વંથલી પંથકમાં બે સ્થળોએ જુગાર દરોડા ૧૯ શખ્સોને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

વંથલી પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે વંથલી તાબાના નવલખી ધાર નામથી ઓળખાતી સીમમાં એક વાડી નજીક જાહેરમાં જુગાર રમતા ૧૦ શખ્સોને રૂા.૨,૧૮,૪૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત વંથલી તાલુકાના ગાદોઈ ગામની સીમમાં કુંભડી ગામના સીમાડે આવેલ માંડણભાઈ લાખાભાઈ કારેથા બહારથી માણસો બોલાવી અને પોતાની વાડીએ જુગાર રમાડતા હોવાની ચોક્કસ બાતમીના આધારે વંથલી પોલીસે જુગાર અંગે દરોડો પાડતા કુલ નવ શખ્સોને જુગાર રમતા કુલ રૂા.૨,૫૭,૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## દ્વારકામાં જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી માટે તંત્ર દ્વારા પણ તડામાર તૈયારીઓ

જામખંભાળિયા તા.૬ : દ્વારકામાં કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી માટે કૃષ્ણ ભક્તોમાં અનેરા થનગનાટ સાથે જિલ્લા પ્રશાસન દ્વારા કાયદો અને વ્યવસ્થા તેમજ દર્શનાર્થીઓની સગવડતા સાથેની તમામ સુવિધાઓ સુવ્યવસ્થિત રીતે બની રહે તે માટે સઘન કામગીરીને આખરી અપાઈ ગયો છે. દ્વારકાધીશ મંદિરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ, ભક્તોને હાલાકી ન થાય તે બાબતના મુખ્ય ઉદ્દેશ સાથે દ્વારકાધીશ દેવસ્થાન સમિતિના અધ્યક્ષ અને જિલ્લા કલેકટર અશોક શર્માના માર્ગદર્શન હેઠળ દ્વારકાના પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા દ્વારા પોલીસ તંત્રને સાથે રાખીને તમામ પ્રકારની વ્યવસ્થાઓ હાથ ધરવામાં આવી છે.

## જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે શીતળા સાતમની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ સહિત સામગ્ર સૌરાષ્ટ્રમાં આજે શીતળા સાતમ પર્વની આજે ભાવભેર અને ભકિતભાવ પુર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આજે સવારે શીતળા માતાના મંદિરે પૂજન-અર્ચન સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા અને ગૃહિણીઓ દ્વારા માતાજીની આરાધના કરવામાં આવી હતી. તેમજ શીતળા માતાનું ભાવપુર્વક પૂજન કરી અને કુલેરનો પ્રસાદ ધરાવી અને શીતળા માતાનો પરિવારના કલ્યાણની કામના કરી હતી.

## જૂનાગઢમાં જુગાર દરોડો : ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગઈકાલે દાતાર રોડ, મચ્છીપીઠ નજીકથી જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા.૧૧,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

શીલ

શીલના આજક ગામ નજીક નવા પ્લોટ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૭ શખ્સોને કુલ રૂા. ૩૨,૨૫૦ના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લીધેલ છે.

## જૂનાગઢના પી.પી. સ્વામીનું સન્માન કરતા સંતો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૬

જૂનાગઢ જવાહર રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના કોઠારી પુરૂષોતમપ્રકાશદાસજી(પી.પી. સ્વામી)નો ૪૮મો જન્મદિવસ હોય ત્યારે મંદિરના ચેરમેન દેવનંદન સ્વામી તથા મુખ્ય કોઠારી પ્રેમસ્વરૂપદાસજી શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી તથા પુર્વ નાયબ શિક્ષણ નિયામક આર.એસ. ઉપાધ્યાય સહિતનાએ પી.પી. સ્વામીને ફુલહાર પહેરાવી સન્માનિત કરી જન્મદિવસની શુભેચ્છા પાઠવતા તસ્વીરમાં નજરે પડે છે.

